Monday, 17 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥



જો આપણે સ્વતંત્ર નહીં બનીએ તો કોઈ પણ આપણું સન્માન નહિ કરે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪૨ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD






## દીવની ઘોઘલા જેટી ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસનો પ્રદેશ સ્તરીય સમારંભ યોજાયો

# દાનહ અને દમણ-દીવની ઓળખ અને સંસ્કૃતિ બનેલી સ્વચ્છતાઃ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ

## દિવ્ય દીવ સહિત સમગ્ર સંઘપ્રદેશના સર્વાંગી વિકાસ માટે પ્રશાસન પ્રતિબદ્ધ







**વ્યસન વ્યક્તિના જીવનને બરબાદ કરતું હોવાથી દાનહ અને દમણ-દીવના યુવાનો અને નાગરિકોને તમામ પ્રકારના વ્યસનથી દૂર રહેવા, સકારાત્મક અને રચનાત્મક કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરવા અને સ્વસ્થ, મજબૂત અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા પ્રશાસકશ્રીની અપીલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૬**

દીવની ઘોઘલા જેટી ખાતે આયોજીત ૮૦મા સ્વતંત્રતા દિવસના પ્રદેશ સ્તરના સમારંભમાં સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે તિરંગો લહેરાવી વિશાળ સભાને સંબોધતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં દેશ સર્વાંગી પ્રગતિ કરી રહ્યો છે અને વિકસિત તથા આત્મનિર્ભર ભારત બનવા તરફ તેજીથી આગળ વધી રહ્યો હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે એક ભવ્ય સશક્ત અને આત્મનિર્ભર ભારત બનવા દરેક દેશવાસીઓને આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દિવ્ય ભૂમિ દીવની ભરપેટ પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં ખુબ જ ઝડપથી દીવનો દરેક ક્ષેત્રે વિકાસ થયો છે. તેમણે વિશ્વાસ આપ્યો હતો કે, દીવના સમૃદ્ધ ભવિષ્ય અને વિકાસ માટે તેમની પડખે સરકાર પ્રશાસન છે.

પ્રશાસકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દમણ અને દીવ વહીવટીતંત્ર વિકસિત ભારતના નિર્માણ તરફ ભારતના વિકાસ સાથે કદમથી કદમ મેળવીને આગળ વધી રહ્યું છે. આ પ્રગતિ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને સામાન્ય લોકોના સતત સહયોગ અને ભાગીદારીથી જ શક્ય બની છે. પરિણામે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ કેન્દ્રશાસિત પ્રદેશો તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યા છે.

દીવની ઉત્તમ સ્વચ્છતા અને સુંદરતા પર ખુશી પ્રગટ કરતા, પ્રશાસક શ્રી પ્રફુલભાઈપટેલે જણાવ્યું હતું કે, દીવ આજે પડોશના રાજ્યના વિસ્તારો કરતા સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત દેખાય છે. સ્વચ્છતા અને વધેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓને કારણે દીવમાં પ્રવાસીઓની સંખ્યામાં પણ સતત નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જેનો શ્રેય વહીવટીતંત્ર તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓને જાય છે. પ્રશાસકશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્વચ્છતા હવે દાદરા નગર હવેલી અને દમણ-દીવના કેન્દ્રશાસિત પ્રદેશોની ઓળખ અને સંસ્કૃતિ બની ગઈ છે.

- (વધુ પાના નં.૨ પર)

## જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરની અધ્યક્ષતામાં

# સેલવાસમાં સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી હર્ષોઉલ્લાસ અને દેશભક્તિ સાથે કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલીમાં દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરની અધ્યક્ષતામાં સેલવાસ સ્થિત કોર એરિયા, સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે એક ગૌરવપૂર્ણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'થી થઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ તિરંગો ધ્વજ ફરકાવ્યો હતો અને સમારોહની ઔપચારિક શરૂઆત રાષ્ટ્રગીતથી થઈ હતી. ધ્વજવંદન બાદ, પોલીસ, ભારતીય રિઝર્વ બટાલિયન, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ્સ અને એનસીસીના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

- (વધુ પાના નં.૨ પર)

## દ્વિતિય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. વિષ્ણુભાઈ ફકીરભાઈ દમણિયા**

સ્વ. તા.૧૬/૦૮/૨૦૨૪

તમારા મધુર સ્મરણો છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં,
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો
અને હંમેશા રહેશો એ વિશ્વાસ છે.

પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

ગં.સ્વ. ઉષાબેન વિષ્ણુભાઈ દમણિયા (પત્ની)

| | |
|---|---|
| શ્રી નવનીતભાઈ વિષ્ણુભાઈ દમણિયા (પુત્ર) | શ્રીમતી ભાવિના નવનીતભાઈ દમણિયા (પુત્રવધૂ) |
| શ્રી ગૌતમભાઈ વિષ્ણુભાઈ દમણિયા (પુત્ર) | શ્રીમતી પ્રિયંકા ગૌતમભાઈ દમણિયા (પુત્રવધૂ) |
| શ્રીમતી ચેતનાબેન વિક્રમભાઈ (પુત્રી-પરિયારી) | કુ. દિવ્યતા ગૌતમ દમણિયા (પૌત્રી) |
| શ્રી આયુષ નવનીત દમણિયા (પૌત્ર) | કુ. દિશલ ગૌતમ દમણિયા (પૌત્રી) |
| શ્રી શ્રેષ્ઠ નવનીત દમણિયા (પૌત્ર) | કુ. જીનાલી ભૂપેશભાઈ માહ્યાવંશી (દોહિત્રી) |

અને સમસ્ત દમણિયા પરિવાર

નિવાસ સ્થાનઃ ૬૦૧, શિવકૃપા-૪, આઈસ ફેક્ટરી પાસે ખારીવાડી, નાની દમણ.




## સુવિચાર - સદ્વિચાર

જીવનની સૌથી મોટી જીત એ છે,
જ્યારે તમે મુશ્કેલીમાં સ્મિત રાખો છો, એ જ સાચી શક્તિ છે.

## કવિતા

### જળપ્રલય

કરાલ દળ કાળનાં ગગન ગુંબજે ગાજતાં,
ધરા ન જીરવી શકે સકળ આભ આવી ઢળ્યા;
અખંડ સુસવાટમાં જીવનદીપ હોલાય જ્યાં,
પ્રચંડ સહુ સત્વનાં પ્રલય તાંડવો આજ આ.
શમ્યા છ શશી સૂર્ય ને નજર ઘોર ઘેરે નિશા,
સુતેલ સપનાં સમાં જીવન કૈંક જેમાં શમ્યાં;
ઝડી મુશલધાર ક્યાં? ક્ષણિક ક્ષુદ્ર પોકાર ક્યાં?
મહા પ્રલયકાળમાં જીવનનાવ શોધે દિશા.
કંઈક જડ વૃક્ષને જીવનવેલ વળગી રહી,
હલાહલ ભૂલી કંઈ વિષધરો ય ના ડંખતા,
કંઈ વિરલ વીરનાં ઝળહળે બલિદાન જો,
છતાં ય અસહાય શું મનુજ મૃત્યુના મ્હોમહીં?
અહીં પરમ મર્ત્ય જો જીવનને રહ્યાં ઝંખતાં,
પ્રભો! અમર એક તું ઉદધિયે જ ઉંઘી રહ્યો

- ગજેન્દ્રરાય ગુલાબરાય બૂચ

## આજની જોક

પતિ : 'તેં નવીન વાનગી બનાવી છે, તે કાચી કેમ લાગે છે?'
પત્ની : 'મેં તો બરાબર બુકમાં જોઈને બનાવી છે. ફક્ત તેમાં ૪ વ્યક્તિ માટે સામગ્રી અને સમય હતો. તે મેં અર્ધું કરી નાખ્યું, કારણ કે આપણે તો બે જ છીએ!'



## કબીર વાણી

**જૈસી નૈયત હરામ પે, ઐસી હરસેં હોય;**
**ચલા જાવે વૈકુન્ઠમે, પલ્લા ન પકડે કોઈ.**

-અર્થાત-

કોઈ હરામની વસ્તુ ઉપર મન લાગી જાય છે, તે પ્રકારે ઈશ્વર તરફ મન લાગી જાય, તો તે માણસને ઈશ્વરની મુલાકાત થાય, અને તેમાં કોઈ (દૈત્ય કે ફરેશ્તા)થી પણ અટકાવ નાંખી શકાય નહિ.



## ચાણક્ય ઉવાચ

**કાળ: પચતિ ભૂતાનિ કાળ: સંહરતે પ્રજા:।**
**કાળ: સુપ્તેષુ જાગર્તિ કાળો હિ દુરીતિક્રમ:।।**

-અર્થાત-

સમય બધા પ્રાણીઓનો નાશ કરે છે, સમય જ પ્રજાને સંહારે છે. જ્યારે બધા સૂતા હોય છે ત્યારે પણ સમય જાગતો રહે છે. સમયને કોઈ જીતી શકતું નથી.

## આજનો દિન વિશેષ

### પ્રફુલ ભાવસાર

પ્રફુલ ડી. ભાવસાર (૧૭ ઓગસ્ટ ૧૯૨૬ - ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩) એક ભારતીય અવકાશ વૈજ્ઞાનિક હતા જેમણે ૨૧ નવેમ્બર ૧૯૬૩ના રોજ ભારતીય ભૂમિ પરથી અવકાશમાં પ્રથમ રોકેટ પ્રક્ષેપણ માટેના પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ સહિત ભારતીય અવકાશ કાર્યક્રમમાં અનેક મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા હતા. ૧૯૮૬માં તેઓ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર અને ઈન્ડિયન રિમોટ સેન્સિંગ સેટેલાઈટ યુટિલાઈઝેશન પ્રોગ્રામના ડિરેક્ટરના પદ પરથી નિવૃત્ત થયા.

ભાવસારનો જન્મ ૧૭ ઓગસ્ટ ૧૯૨૬ના રોજ થયો હતો, અને વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ ભૌતિક સંશોધન પ્રયોગશાળામાં કોસ્મિક રેઝમાં તેમના સંશોધન માટે ૧૯૫૮માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરી હતી. તે જ વર્ષે તેઓ પ્રોફેસર જોન આર. વિંકલરની લેબોરેટરીમાં રિસર્ચ ફેલો તરીકે યુનિવર્સિટી ઓફ મિનેસોટા ગયા અને ફુગ્ગાઓનો ઉપયોગ કરીને ઉચ્ચ ઊંચાઈવાળા કોસ્મિક કિરણોનો અભ્યાસ કર્યો. મિનેસોટા ખાતે, ભાવસારે પ્રોફેસર જેક્સ બ્લેમોન્ટ સાથે પણ સહયોગ કર્યો હતો જેઓ પાછળથી ભારતના પ્રથમ રોકેટ પ્રક્ષેપણમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

યુનાઈટેડ નેશન્સ કમિટી ઓન ધ પીસફુલ યુઝ ઓફ આઉટર સ્પેસ (COSPAR) ની વૈજ્ઞાનિક અને ટેકનિકલ પેટા સમિતિની સ્થાપના ૧૯૫૮ માં કરવામાં આવી હતી. તેનો એક ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સહયોગને પ્રોત્સાહન આપવાનો હતો. ૧૯૬૨માં ભારત સરકાર દ્વારા ડૉ.વિક્રમ સારાભાઈની અધ્યક્ષતામાં ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ ઈન્કોસ્પારની સ્થાપના કરવામાં આવી હતી. પૃથ્વીના ચુંબકીય વિષુવવૃત્તની ખૂબ નજીક ભારતના દક્ષિણ છેડે ત્રિવેન્દ્રમ જિલ્લામાં થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (TERLS) ની સ્થાપના તેના પ્રથમ પ્રોજેક્ટ્સમાંની એક હતી. ભાવસાર ડૉ.વિક્રમ સારાભાઈના વિદ્યાર્થી હતા, અને તેમની વિનંતીથી ભારત પાછા ફર્યા અને વૈજ્ઞાનિકોની ટીમમાં પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ તરીકે જોડાયા જેણે થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લૉન્ચિંગ સ્ટેશન (TERLS) પરથી ભારતનું પ્રથમ રોકેટ લોન્ચ કર્યું. બે તબક્કાના નાઈકી-અપાચે સાઉન્ડિંગ રોકેટ યુએસએ અને ફ્રેન્ચ પેલોડથી આવ્યા હતા જેણે ૧૦૦ થી ૧૨૦ કિમીની ઊંચાઈએ ઉપરના વાતાવરણમાં સોડિયમ વરાળની ઊભી પગદંડી છોડી દીધી હતી. આ ફ્લાઈટનો પ્રાથમિક હેતુ બહાર નીકળેલા સોડિયમના પગેરું ફોટોગ્રાફ કરીને વાતાવરણીય પવન, તાપમાન, પ્રસરણ અને અશાંતિને માપવાનો હતો. ભાવસાર વર્ષોથી ઘણા પ્રતિષ્ઠિત હોદ્દા પર રહ્યા, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક કો-ઓર્ડિનેટર, ISRO (૧૯૬૭-૧૯૭૫); સભ્ય-સચિવ INCOSPAR (૧૯૭૦-૧૯૮૧); અધ્યક્ષ - રિમોટ સેન્સિંગ એરિયા, સ્પેસ એપ્લિકેશન સેન્ટર (૧૯૭૬-૧૯૮૪); ડિરેક્ટર, ઈન્ડિયન રિમોટ સેન્સિંગ સેટેલાઈટ યુટિલાઈઝેશન પ્રોગ્રામ (૧૯૮૧-૧૯૮૬); અને ડિરેક્ટર, સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો (૧૯૮૫-૧૯૮૬).

## આધ્યાત્મિક

**ખરા અર્થમાં આધ્યાત્મિક વ્યક્તિના સંકેતો :** ભારતીય શાસ્ત્રો વારંવાર ભાર મૂકે છે કે આધ્યાત્મિક્તા દેખાવ, ધાર્મિક વિધિઓ અથવા સામાજિક ઓળખ દ્વારા નક્કી થતી નથી. એક સાચા આધ્યાત્મિક વ્યક્તિ ધીમે ધીમે વિકાસ પામે છે.મુશ્કેલ પરિસ્થિતિઓમાં શાંતિ, અહંકારને બદલે નમ્રતા, દ્વેષને બદલે કરૂણા, મૂંઝવણને બદલે સ્પષ્ટતા, આવેગને બદલે જાગૃતિ, બાહ્ય પરિસ્થિતિઓથી સ્વતંત્ર આંતરિક શાંતિ. અધ્યાત્મ મનુષ્યને અંદરથી પરિવર્તિત કરે છે.

# દાનહમાં છેલ્લા છ વર્ષમાં ૨૫૧૫ સર્પદંશના કેસ નોંધાયા

## ૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા પ્રદેશમાં સર્પદંશના કેસોને લઈને જનજાગૃતિ માટે અપીલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી આદિવાસી બાહુલ્ય પ્રદેશ છે. આ વિસ્તાર જંગલ જમીન સાથે જોડાયેલ છે.અહીની પ્રજા ખેતી પર વધુ નિર્ભર છે. ચોમાસાના સમયમાં ખેતી દરમિયાન સર્પદંશના કિસ્સાઓ પણ વધુ જોવા મળે છે. ઈમરજન્સી મેડિકલના ડેટા મુજબ દાનહમાં વર્ષ ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૬ દરમિયાન સર્પદંશના કુલ ૨૫૧૫ કેસ નોંધાયા છે.

વર્ષ ૨૦૨૧માં ૩૩૪ કેસ, વર્ષ ૨૦૨૨માં ૫૦૬ કેસ,વર્ષ ૨૦૨૩માં ૫૨૯ કેસ,વર્ષ ૨૦૨૪માં ૪૫૦ કેસ, વર્ષ ૨૦૨૫માં ૪૫૩ કેસ અને વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૨૪૩ કેસો નોંધાયા છે.

આ આંકડા દર્શાવે છે કે, ચોમાસા દરમિયાન સાપદંશની ઘટનાઓનું જોખમ વધુ રહે છે. ખેતરો, જંગલ વિસ્તારો, બાંધકામ સ્થળો તેમજ ઝાડીવાળા વિસ્તારોમાં કામ કરતા લોકોએ ખાસ સાવચેતી રાખવી જરૂરી છે.

દાદરા નગર હવેલીમાં કાર્યરત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા સર્પદંશના કેસોમા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તમામ ૧૦૮ એમ્બ્યુલન્સમાં પૂરતી માત્રામા એન્ટી સ્નેક વેનમ (ASV) ઉપલબ્ધ છે, જેના કારણે દર્દીને હોસ્પિટલ પહોંચતા પહેલા જ જરૂરી પ્રાથમિક સારવાર અને સમયસર સારવાર શરૂ કરી શકાય છે.

સમયસર ASV ઉપલબ્ધ થવાથી ગંભીર દર્દીઓનો જીવ બચાવવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જાય છે.

**૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા નાગરિકો માટે મહત્વપૂર્ણ સલાહ :** ખેતર અથવા ઘાસવાળા વિસ્તારોમાં કામ કરતી વખતે બૂટ અને સુરક્ષાત્મક કપડાં પહેરો. રાત્રે બહાર નીકળતી વખતે ટોર્ચનો ઉપયોગ કરો. ઘરની આસપાસ ઝાડીઓ અને કચરો એકત્રિત થવા ન દો. સાપદંશ થયા બાદ કોઈપણ પ્રકારના ઘરગથ્થુ ઉપચાર, ઝાડફૂંક અથવા ચીરો લગાવવાનો પ્રયાસ ન કરો. દર્દીને શાંત રાખો અને તરત જ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને કોલ કરો અથવા નજીકના આરોગ્ય કેન્દ્રમાં પહોંચાડો. સમયસર એન્ટી સ્નેક વેનમ (ASV) સારવાર મળવાથી મોટાભાગના દર્દીઓની સફળ સારવાર શક્ય બને છે.

આરોગ્ય વિભાગ તથા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા તમામ નાગરિકોને અપીલ કરે છે કે સાપદંશની સ્થિતિમાં ગભરાશો નહીં, પરંતુ તરત જ ૧૦૮ પર કોલ કરો. સમયસર તબીબી સહાય અને ASV સારવાર જ જીવન બચાવવાનો સૌથી અસરકારક ઉપાય છે.

# આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ વાપી દ્વારા ૮૦મા સ્વાતંત્ર દિનની કરાયેલી ઉજવણી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

આ વિશેષ દિન નિમિત્તે દેશની આઝાદી માટે બલિદાન આપનાર સર્વ શહીદો , દેશની રક્ષા કરી રહેલા વીર જવાનો અને મહાન વ્યક્તિઓને યાદ કરી તેમને ધ્વજવંદન દ્વારા સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પી.ટી.સી. કોલેજના આચાર્યા સરોજબેન પટેલ અને સાયન્સ વિભાગના આચાર્યા સુરભી ચૌધરી દ્વારા આપણા દેશનો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને સલામી આપી ભારત માતાને વંદન કરવામાં આવ્યા હતા. તિરંગો કે જે દેશની આન-બાન અને શાન છે એના સન્માનમાં સંસ્થાના વિવિધ વિદ્યાશાખાના આચાર્યો તેમજ સંસ્થાના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહી દેશની ભાવના વ્યક્ત કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં આર.કે. દેસાઈ અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા દેશભાવના વ્યક્ત કરતું વક્તવ્ય, નૃત્ય, દેશભક્તિ ગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી જે કાર્યક્રમની શોભા વધાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રાધ્યાપક ભૂષણ સરોડે દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહે દેશ ગર્વની ભાવના વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

''આ સ્વતંત્રતા માટે ઘણાએ બલિદાન આપ્યું હતું, વંદન કરીએ તેઓને આજ, રાખીએ તેમના બલિદાન પ્રત્યે ભાન, કરીએ ભારત દેશને અસંખ્ય પ્રણામ...''

# ચીખલીમાં ઠેર ઠેર ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

## દેગામ ખાતે તાલુકા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં મામલતદાર હિરેન મૈસૂરિયાના હસ્તે ધ્વજવંદન કરાયું: તિરંગા યાત્રા અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૬**

ચીખલી તાલુકાના દેગામ સ્થિત પ્રાથમિક કુમાર શાળા ખાતે ચીખલી મામલતદાર શ્રી હિરેન મૈસૂરિયાના અધ્યક્ષ સ્થાને ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ચીખલી મામલતદાર શ્રી હિરેન મહેસૂરિયાના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દેગામ ગ્રામ પંચાયતથી પ્રાથમિક શાળા સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવતા દેશભક્તિના રંગે રંગાયેલી આ યાત્રામાં ગામના નાગરિકો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેગામ ગ્રામ પંચાયત, દેગામ ગણેશ નવયુવક મંડળ અને સ્પંદન હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરાતા જેમાં રક્તદાતાઓના સહયોગથી કુલ ૪૦ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી ઈતેશ પટેલ, ડેપ્યુટી સરપંચ શ્રી ધર્મેશ લાડ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરપંચ શ્રી ઈતેશ પટેલના નેતૃત્વમાં ગામમાં નિયમિત પણે સેવાકીય અને સામાજિક કાર્યક્રમોનું આયોજન થતું રહે છે.

ચીખલીના ઘેજ ગામની વાંઝરી ફળિયા પ્રાથમિક શાળામાં સ્થાનિક આગેવાન મંગુભાઈ પટેલના હસ્તે આચાર્યા શ્રીમતી નયનાબેન તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ, ઉપરાંત શ્રી રાજેશભાઈ, શ્રી હરીશભાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ધોરણ ૧ થી ૮માં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર ૨૪ જેટલા વિદ્યાર્થીઓને એલઆઈસીના શ્રી રાજુભાઈ તથા શ્રી પિયુષભાઈ અને શ્રી મયુરીબેન દ્વારા ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા.

આ ઉપરાંત મામલતદાર કચેરી, ચીખલી પોલીસ સ્ટેશન, ચીખલી નામદાર કોર્ટ, તાલુકા પંચાયત કચેરી, માર્ગ મકાન વિભાગની કચેરી, વન વિભાગની કચેરી સહિત તાલુકાની મંડળીઓ અને ગ્રામ પંચાયતોમાં શાળા-કોલેજોમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દાનહ અને દમણ-દીવની...**

દીવમાં વિકાસ ઝડપથી થઈ રહ્યો છે, અને પ્રદેશના લોકોને તેનો લાભ મળશે.

શિક્ષણ ક્ષેત્ર પર બોલતા, શ્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસો અને સંઘપ્રદેશ પ્રશાસનના સતત પ્રયાસોથી ડ્રોપઆઉટ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. 'શાળા પ્રવેશોત્સવ' જેવી પહેલથી પણ વિદ્યાર્થીઓની નોંધણીમાં વધારો થયો છે. પરિણામે, શિક્ષણ ક્ષેત્રમાં સકારાત્મક અને મૂળભૂત ફેરફારો સ્પષ્ટપણે દેખાય છે.

પ્રશાસકશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં દીવ દેશના ૭૮૪ જિલ્લાઓમાં પ્રથમ ક્રમે છે, જે ઉચ્ચતમ માપદંડોને પૂર્ણ કરે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દીવ ગુણવત્તાયુક્ત શિક્ષણમાં અગ્રેસર છે. આ નોંધપાત્ર સિદ્ધિ પ્રશાસનના સતત પ્રયાસો અને શિક્ષકોની અથાક મહેનત, સમર્પણ અને પ્રતિબદ્ધતાને કારણે શક્ય બની છે. શિક્ષકો મૂલ્યો કેળવવા અને વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાની વિશાળ જવાબદારી નિભાવે છે.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, થોડા વર્ષો પહેલા સુધી દીવનું શૈક્ષણિક પ્રદર્શન પ્રમાણમાં નબળું હતું, પરંતુ છેલ્લા બે થી ત્રણ વર્ષોમાં, શિક્ષણ ક્ષેત્રે સંઘપ્રદેશ પ્રશાસન અને શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સતત પ્રયાસો અને વિવિધ સુધારાલક્ષી પહેલના સકારાત્મક પરિણામો મળ્યા છે.

છેલ્લા દાયકામાં શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેમણે હરખભેર ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીવની વિદ્યાર્થીની કુ. નિકિતા સોલંકી સાથે ૧૫ મિનિટ માટે વાતચીત કરી હતી, જે આપણા બધા માટે ગર્વ અને સન્માનની વાત છે. પ્રશાસકશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્રશાસિત પ્રદેશની શાળાઓ આધુનિક શૈક્ષણિક સુવિધાઓથી સુસજ્જ થઈ છે. જેનો લાભ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેને મળી રહ્યો છે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં મેડિકલ કોલેજો, એન્જિનિયરિંગ કોલેજો અને નર્સિંગ કોલેજો જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ઉપલબ્ધતાએ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વધુ સારી તકો પૂરી પાડી છે. આ સંસ્થાઓ વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપી રહી છે, તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો નાખે છે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં આરોગ્ય અને તબીબી સુવિધાઓ વિશે બોલતા, પ્રશાસકશ્રીએ જણાવ્યું હતું, 'મેં સરકારી હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું અને ત્યાં ઉપલબ્ધ આરોગ્યસંભાળ સુવિધાઓની પ્રશંસા કરી.' તેમણે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં ટૂંક સમયમાં સીટી સ્કેન અને અન્ય આવશ્યક નિદાન અને પરીક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાં, મહિલાઓના સ્વાસ્થ્ય અને સલામતીને ધ્યાનમાં રાખીને, મેમોગ્રાફી સુવિધાઓ પણ ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે દીવમાં ૮,૦૪૫ ઘરોને નવી ગટર વ્યવસ્થા સાથે જોડવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. તેવી જ રીતે, દીવમાં ઘન કચરા વ્યવસ્થાપન પ્રણાલીનું પણ અસરકારક રીતે સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે દીવમાં રાષ્ટ્રીય બીચ ગેમ્સ સફળતાપૂર્વક યોજાઈ હતી, જેમાં દેશભરના કોચ અને રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેનાથી રાષ્ટ્રીય સ્તરે દીવનું સન્માન થયું હતું. ત્યારબાદ, ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ પણ દીવમાં યોજાઈ રહી છે, જે તમામ દીવ રહેવાસીઓ માટે ગર્વ અને સન્માનની વાત છે.

પ્રશાસકશ્રીએ ભાર આપતાં જણાવ્યું હતું કે, વ્યસન વ્યક્તિના જીવનને બરબાદ કરે છે. તેમણે કેન્દ્રશાસિત પ્રદેશના યુવાનો અને નાગરિકોને તમામ પ્રકારના વ્યસનથી દૂર રહેવા, સકારાત્મક અને રચનાત્મક કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરવા અને સ્વસ્થ, મજબૂત અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે, કેન્દ્રશાસિત પ્રદેશના તમામ નાગરિકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત માટેના સંકલ્પમાં સકારાત્મક અને અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સાથે મળીને અથાક મહેનત કરવી જોઈએ.

કાર્યક્રમના અંતે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું કે, કેટલાક તોફાની તત્ત્વો અને બાહ્ય શક્તિઓ સામાજિક ભાઈચારો અને સદ્ભાવનાને ખલેલ પહોંચાડવા માટે યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી, યુવાનોને માર્ગદર્શન આપવું, તેમને યોગ્ય દિશામાં દિશા-નિર્દેશ કરવો અને રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસમાં સક્રિયપણે યોગદાન આપવા માટે પ્રેરણા આપવી એ આપણી ફરજ છે. પ્રશાસકશ્રીએ પ્રદેશના લોકોને એક થવા અને વિકાસની યાત્રામાં ભાગ લેવા અને રાષ્ટ્રીય એકતા, સદ્ભાવ અને ભાઈચારાને મજબૂત કરીને વિકસિત ભારત બનાવવા માટે શ્રેષ્ઠ યોગદાન આપવા હાકલ કરી હતી.

પ્રશાસકશ્રીના સંબોધન પછી, તેમની સાથે હાજર વિદ્યાર્થીઓ અને નાગરિકોએ 'વંદે માતરમ'ના નારા લગાવ્યા હતા, જેનાથી સ્થળ દેશભક્તિના ઉત્સાહથી ભરાઈ ગયું. ત્યારબાદ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શક્તિશાળી દેશભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ પ્રશાસકે શ્રેષ્ઠ પ્રકાશિત સરકારી ઈમારત, સૌથી સ્વચ્છ પંચાયત અને મ્યુનિસિપલ વોર્ડ માટે પુરસ્કારોનું વિતરણ કર્યું.

આ કાર્યક્રમમાં દીવ નગરપાલિકાના પ્રમુખ શ્રી હરેશભાઈ પાચા(કાપડિયા), દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામજી ભીખા બામણિયા, જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચો, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા, દીવ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મોહનભાઈ લકમને સહિત આગેવાનો, ભાજપના પદાધિકારીઓ, હોટલ સંચાલકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત તા.૧૬**

હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૫૭થી રૂા. ૬૦ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૨૫૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ શુક્રવાર, ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને બુધવાર, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. આ ઈશ્યૂમાં સંપૂર્ણપણે ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેનું કુલ મૂલ્ય રૂા.૨૬,૦૦૦ મિલિયન સુધીનું રહેશે. દરેક શેરની ફેસ વેલ્યૂ રૂા. ૧૦ છે.

બ્લેકસ્ટોનના રિયલ એસ્ટેટ ઈન્ડિયાના હેડ આશિષ મોહતાએ જણાવ્યું હતું કે 'ભારતમાં ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર પર કેન્દ્રિત પ્રથમ આઈપીઓ લોન્ચ કરતાં અમને ખુશી થઈ રહી છે. આ બ્લેકસ્ટોનનો દેશમાં ૧૫મો આઈપીઓ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સાતમું લિસ્ટિંગ પણ છે.

હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સના સીઈઓ ઉર્વિશ રાંભિયાએ જણાવ્યું હતું કે , 'આઈપીઓ હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ માટે ગૌરવપૂર્ણ સીમાચિહ્ન છે. માત્ર છ વર્ષમાં અમે બ્લેકસ્ટોનની વૈશ્વિક પહોંચ, ક્ષેત્રની ગહન નિપુણતા અને મજબૂત સંચાલન ક્ષમતાના સહારે ભારતનું સૌથી મોટું ઈન્ડસ્ટ્રીયલ અને લોજિસ્ટિક્સ પ્લેટફોર્મ બન્યા છીએ.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ઈશ્યૂના હેતુ માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસમાં સ્ટેડિયમ ગ્રાઉન્ડ...**

આ પ્રસંગે પ્રમુખપદના ભાષણમાં, જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે દાનહ જિલાના લોકોને ૮૦મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનારા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને વિકાસ માટેના તેમના સંકલ્પને વ્યક્ત કરતા 'વિકસિત ભારત@૨૦૪૭'ના ધ્યેયને અનુરૂપ વિકાસ અને જન કલ્યાણ માટે વહીવટીતંત્રની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનનો ઉલ્લેખ કરતાં યુવાનોને દેશના વિકાસમાં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી હતી. જિલ્લા પ્રશાસનની વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતા જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે જણાવ્યું હતું કે, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ શિક્ષણ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, પ્રવાસન, માળખાગત સુવિધાઓ, વીજળી, કૃષિ, રમત-ગમત, સુશાસન અને જન કલ્યાણ ક્ષેત્રે ઘણી યોજનાઓ અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે. તેમણે આધુનિક શાળાઓ, સેલવાસ એજ્યુકેશન હબ અને પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ૨૦૨૫-૨૬માં દેશમાં બીજા ક્રમે પહોંચવાને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ ગણાવી હતી. તેમણે ગ્રામીણ વિકાસ, સ્વચ્છતા, ઔદ્યોગિક સુલભતા, માળખાગત સુવિધાઓ અને સુશાસન જેવા ક્ષેત્રોમાં થઈ રહેલા કાર્યની પણ વિગતવાર માહિતી આપતા આરોગ્ય ક્ષેત્રમાં, નમો હોસ્પિટલમાં આધુનિક તબીબી સુવિધાઓ, ABHA-આધારિત ડિજિટલ આરોગ્ય સેવાઓ, પશુપાલનમાં ડોર-ટુ-ડોર પશુચિકિત્સા સેવાઓ અને સેલવાસ સ્માર્ટ સિટીના વિવિધ પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કર્યો હતો. સમારોહ દરમિયાન, બાલ ભવન કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ મંદિર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને નૃત્યકારો દ્વારા રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, દીવમાં આયોજિત સંઘપ્રદેશ પ્રસ્તરીય સ્વતંત્રતા દિવસ ઉજવણીમાં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સંબોધનનું લાઇવ પ્રસારણ નાગરિકો માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, જિલ્લા કલેક્ટરે ૨૦૨૬ની બોર્ડ પરીક્ષામાં ૧૦૦% ગુણ પ્રાપ્ત કરનારા બે વિદ્યાર્થીઓ, જિલ્લા સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરનારા બે વિદ્યાર્થીઓ અને ત્રણ ચેસ ખેલાડીઓને પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત, ભારત ક્વિઝ સ્પર્ધામાં વિજેતા ત્રણ શાળાઓ, પૂર દરમિયાન ઉત્કૃષ્ટ કાર્ય બદલ બે વિભાગો જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને અગ્નિશામક અને કટોકટી સેવાઓ અને જીવન બચાવ માટે આપદા મિત્ર સ્વયંસેવકને પણ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવો, રાજકારણીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ, કર્મચારીઓ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

# નાનાપોંઢામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીઃ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલે તિરંગો ફરકાવ્યો

## ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના ગૌરવ સાથે ગુજરાત આજે આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છેઃ મંત્રી નરેશભાઈ પટેલ











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકાના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે ઉત્સાહ અને ઉમંગભેર જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીએ દેશની આન, બાન અને શાન સમાન તિરંગો ફરકાવી માનભેર સલામી આપી હતી. મંત્રીએ ખુલ્લી જીપમાં સવાર થઈ પોલીસ પરેડનું નિરીક્ષણ કરી સલામી આપી હતી.

મંત્રીએ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશના ૧૪૬ કરોડ દેશવાસીઓને વલસાડ જિલ્લાની પવિત્ર ધરતી ઉપરથી ૮૦ માં સ્વતંત્રાતા દિનની શુભકામનાઓ પાઠવી હતી. દેશની આઝાદીમાં યોગદાન આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને મંત્રીએ યાદ કરી શત-શત નમન કરતા જણાવ્યું કે, ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતની યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણની બાબતમાં સતત પ્રયત્નશીલ છે. તેનું શ્રેષ્ઠતમ ઉદાહરણ પેપર લીકના દૂષણને નાથવા, વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત પરીક્ષા પ્રણાલી ઉભી કરવાની સરકારની દ્રઢ ઈચ્છાશક્તિના કારણે એન્ટી-પેપર લીક બિલ મંજૂર કરવામાં આવ્યુ છે. આજ રીતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ગુજરાત તેજ ગતિએ વિકાસની ક્ષિતિજો આંબી રહ્યું છે. ૨૦૩૦ ની કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના ગૌરવ સાથે ગુજરાત આજે આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે.

સમૃદ્ધ ગુજરાતના મૂળિયાં ગામડાઓમાં રહેલા છે એવુ જણાવી મંત્રીએ વધુમાં કહ્યું કે, શહેરોની સાથે ગ્રામોત્થાન અને ગામડાઓનો વિકાસ પણ એટલો જ જરૂરી છે. આ માટે નરેન્દ્રભાઈએ શહેરી સુવિધા ધરાવતા પંચાયત ઘરો, દૂધ મંડળીઓ, સહકારી મંડળીઓ ગામડાઓમાં જીવંત કરવાની સાથે આરોગ્યલક્ષી સેવાઓ પણ શહેરી કક્ષાએ પૂરી પાડી છે. ''ગામડાઓને પણ સુવિધા બધી જ શહેર જેવી'' ના મંત્ર સાથે ગ્રામ્ય વિકાસ કર્યો છે, કારણ કે તેઓ માને છે કે, વિકસિત ભારત માટે આપણે ગામડાઓનો વિકાસ કરવો એ મૂળભૂત બાબત છે.

ગામડાના વિકાસનો આધાર ખેતીવાડી પર નિર્ભર હોવાથી મંત્રીએ ખેડૂતોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ખેડૂતોના કલ્યાણ માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કૃષિ વિભાગ માટે વિક્રમી રૂ.૨૪,૦૦૦ કરોડથી પણ વધારેની જોગવાઈ કરવામાં આવી છે. કિસાન સન્માન નિધિ હેઠળ વલસાડ જિલ્લામાં ૧૯૪૬૩૪ ખેડૂતોને રૂ.૨૦૦૦ મુજબ ૫૪૯ કરોડ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

પરિવહન સેવા પર ગુજરાત સરકારે વધુ ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવાનું જણાવી મંત્રીએ કહ્યું કે, વલસાડથી લઈને સાબરકાંઠા સુધીના જે આદિવાસી જિલ્લાઓ છે, એ જિલ્લાઓને વિદ્યાર્થીઓની સેવામાં ૧૩૯ બસો આપવામાં આવી છે. વલસાડ જિલ્લાના ઉમરગામ, કપરાડા અને ધરમપુર જેવી બોર્ડર લાઈનના ગામોને પણ એનો ખૂબ વધુ લાભ મળી રહ્યો છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે, નાનાપોંઢા જેવા આદિવાસી તથા અંતરિયાળ વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી એ માત્ર સરકારી કાર્યક્રમ નથી, પરંતુ વિકાસની યાત્રાનો એક સંદેશ છે. વલસાડ જિલ્લો એક તરફ કુદરતી સમૃદ્ધિ અને આદિવાસી સંસ્કૃતિ માટે ઓળખાય છે, તો બીજી તરફ ઔદ્યોગિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. વાપી, પારડી, ગુંદલાવ, સરીગામ, ઉમરગામ અને ભિલાડ જેવા વિસ્તારો જિલ્લાના ઔદ્યોગિક એન્જિન તરીકે કાર્યરત છે. જિલ્લામાં ૫૫,૦૦૦ થી વધુ નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે, જેના દ્વારા ૪.૫ લાખ થી વધુ લોકોને સીધી રોજગારી મળી રહી છે. વાપી જીઆઈડીસી વિશ્વભરમાં કેમિકલ હબ તરીકે આગવી ઓળખ ધરાવે છે. આ ઉપરાંત ટેક્સટાઈલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે પણ વલસાડ આગળ વધી રહ્યું છે. તાજેતરમાં સુરત ખાતે યોજાયેલ ''વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ સમિટ'' દરમિયાન વલસાડ જિલ્લા માટે ₹૨,૦૫૬.૮૩ કરોડના ૧૨૭ જેટલા MoU થયા છે. આ રોકાણથી આગામી સમયમાં સ્થાનિક યુવાનો માટે સ્વ-રોજગાર અને કૌશલ્ય વિકાસની નવી તકો ઊભી થશે.

તાજેતરમાં જુલાઈ માસમાં વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ અને પૂરની વિકટ પરિસ્થિતિ અંગે મંત્રીએ કહ્યું કે, પુરથી અનેક પરિવારોને નુકસાન થયું હતું. રાજ્ય સરકાર અને વહીવટી તંત્રે અસરગ્રસ્ત પરિવારોની પડખે મજબૂતાઈથી ઊભા રહીને કામગીરી કરી છે. ઝડપી સર્વે કરી ટૂંકા સમયમાં ૪૭,૦૦૦ થી વધુ અસરગ્રસ્ત પરિવારોને ₹૨૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરીમાં વહીવટી તંત્રની સાથે સેવાભાવી સંસ્થાઓ, સામાજિક સંગઠનો, યુવા મંડળો, સ્વયંસેવકો અને પોલીસ કર્મચારીઓએ રાત-દિવસ મહેનત કરી છે. પુરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા, આશ્રય, ભોજન, પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ અને જીવનજરૂરી વસ્તુઓ પહોંચાડવામાં આવી હતી.

૧૫ મી ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે મંત્રી દ્વારા વલસાડ જિલ્લાના વિકાસના કામો અર્થે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનને અર્પણ કરવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝનમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં નીચાણવાળા વિસ્તારમાં ફસાઈ ગયેલા લોકોને બચાવવા માટે તેમજ સ્થળોંતર કરવા માટે જીવનું જોખમ ખેડનાર પોલીસ અધિકારી-જવાનો, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, તલાટીઓ, સેવાની મહેક પ્રસરાવનાર સંસ્થાઓ તેમજ પુર અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય મળે તે માટે સર્વે કામગીરી પૂર્ણ કરનાર કર્મીઓ, રમતગમત ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર ખેલાડીઓ અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ જેવા ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી કરનાર કુલ ૬૫ પ્રતિભાઓનું પ્રમાણપત્ર અને ટ્રોફી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મંત્રીએ કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકી અને સંગઠનના આગેવાનો તેમજ અધિકારી-પદાધિકારી અને નાનાપોંઢાના નગરજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગીત રજૂ કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સરકારી શાળાના શિક્ષકો તારેશ સોની અને અવની પટેલે કર્યુ હતું.

# વાપીની આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈઃ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ, વાપી ખાતે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ તથા આચાર્યા સુચિતા ચારીના માર્ગદર્શન હેઠળ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ ક્રિષ્ના સિંઘલની વિશેષ ઉપસ્થિતિમાં ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશભાઈ રાઠોડ, શાળાના આચાર્યા સુચિતા ચારી, એડવોકેટ કશ્યપ ગાંધી, ટ્રસ્ટી મેમ્બર હર્ષ રાઠોડ, વિનય વાડીવાલા, શાળાના નાણાકીય સલાહકાર દીપ ઠક્કર તેમજ વાલી સૌજન્ય અને અન્ય આમંત્રિત મહેમાનોની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન તથા રાષ્ટ્રધ્વજને સલામી આપીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌએ ગૌરવભેર રાષ્ટ્રગીત 'જન ગણ મન'નું ગાન કરી દેશની એકતા અને અખંડિતતાને વંદન કર્યું હતું.

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રભક્તિ, એકતા, શિસ્ત અને જવાબદારીની ભાવના કેળવવાનો તેમજ દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર વીર શહીદોના બલિદાનને યાદ કરવાનો હતો. વિદ્યાર્થીઓને મળેલી આઝાદીની સાચી કિંમત સમજાવી, દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિપૂર્ણ પ્રવચનો તેમજ વિવિધ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતે સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. અતિથિ વિશેષે પોતાના પ્રેરણાદાયી પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રેમ અને સારા નાગરિક બનવાનો સંદેશ આપ્યો હતો. શાળાના આચાર્યા સુચિતા ચારીએ પણ પોતાના સંબોધનમાં સ્વતંત્રતાના મૂલ્યને સમજાવી વિદ્યાર્થીઓને દેશના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આમંત્રિત મહેમાનો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રપ્રેમ, ઉત્સાહ અને ગૌરવના માહોલમાં યોજાયો હતો. અંતે સ્વાતંત્ર્ય દિવસની ખુશીની પ્રતીકરૂપે સૌને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

''આઝાદી આપણને વારસામાં મળી છે, હવે તેને સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણ દ્વારા આગળ વધારવાની જવાબદારી આપણી છે.''

આ રીતે આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશપ્રેમ, એકતા અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# વાપીમાં સ્વતંત્રતા દિવસની હર્ષોલ્લાસ અને દેશભક્તિના ઉમંગ સાથે ભવ્ય ઉજવણી

## મહાનગરપાલિકા સહિત સ્કૂલ, કોલેજ, પોલીસ સ્ટેશન અને સરકારી કચેરીઓમાં ધ્વજવંદન કાર્યક્રમો યોજાયા






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપી શહેરમાં ૧૫ ઓગસ્ટને શનિવારે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો નઝારો સાથે ઠેર ઠેર આન, બાન અને શાન સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહાનગરપાલિકા, સ્કૂલ, કોલેજ, પોલીસ સ્ટેશનો અને સરકારી કચેરીઓમાં દેશભક્તિના ઉલ્લાસ ઉમંગ સાથે ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા.

૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત મહાનગરપાલિકાના પ્રથમ મેયર દક્ષાબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મનપાના હોદ્દેદારો, નગરસેવકો સહિત શહેરના અગ્રણી નાગરિકો, સ્કૂલના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મેયર દક્ષાબેન પટેલે મનનીય પ્રવચન આપી આઝાદી દિનનો મહિમા વર્ણવ્યો હતો. પરંપરાગત વ્હોરા યુવકો તેમના બેન્ડ સાથે કાર્યક્રમમાં જોડાઈ સંગીતના સુરો સાથે ધ્વજવંદન કરાયું ત્યારે દશભક્તિનો અનેરો માહોલ છવાઈ ગયો હતો. વાપીના તમામ ટાઉન, જીઆઈડીસી અને ડુંગરા પોલીસ સ્ટેશનમાં પી.આઈ.ના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. તેમાં તમામ પોલીસ જવાનો જોડાયા હતા. સ્વતંત્રતા દિવસ ઉજવણીની અસલી ઝલક સ્કૂલ અને કોલેજોમાં જોવા મળી હતી. ધ્વજવંદનની સાથે સાથે દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો બાળકો દ્વારા રજૂ કરાયા હતા. ૧૫ ઓગસ્ટના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં સમગ્ર વાપી દેશભક્તિના રંગોમાં રંગાઈ ગયું હતું. શહેરની દુકાનો, મુખ્ય રાજ્ય માર્ગ તિરંગા અને કેસરીયા કમાનોથી સજ્જ બન્યું હતું.

# વાપી સલવાવ દાદરી ફળિયામાં દિપડો પાંજરે પુરાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૬:** વાપી નજીક આવેલ સલવાવ ગામમાં વારંવાર દિપડી દેખાતો હતો. તેમ સ્થાનિક નાગરિકો અને સરપંચે જંગલખાતાને જાણ કરી હતી. જાણ બાદ જંગલખાતાએ દાદરી ફળિયામાં (ઢોડીયાવાડ)માં પાંઝરૂં ગોઠવ્યું હતું. ગતરાતે પાંઝરામાં દિપડો પુરાઈ જતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

છેલ્લીવાર દિપડો ગામમાં દેખાતા ગ્રામજનોએ જંગલખાતાને જાણ કરી હતી. ત્યારબાદ જંગલખાતાએ ખાસ રેસક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું જેમાં સફળતા મળી હતી. ગ્રામજનો અને જંગલ વિભાગની મહેનત રંગ લાવી હતી. જોકે, વારંવર દિપડો ગામમાં દેખાઈ રહ્યો હતો. તેથી ગ્રામજનો સાવધાન થઈ ગયા હતા. રાત્રિના સમયમાં જંગલ જેવા વિસ્તારમાં અવર જવર બંધ કરી દીધી હતી.

આ વખતે વન વિભાગે દાખવેલી તત્પરતા આધિન સફળતાપૂર્વક દિપડાને રેસક્યુ કરીને જંગલમાં છોડવામાં આવ્યો હતો. વન વિભાગે જણાવ્યું હતુ કે જંગલી જાનવરો દેખાય ત્યારે સાવધાની રાખી તેમનાથી દૂર રહેવું હિતાવહ છે.

# વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીઃ જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાના હસ્તે ધ્વજવંદન કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

દેશભરમાં જ્યારે રાષ્ટ્રીય પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી, વલસાડ જિલ્લા કાર્યાલય ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના વરદ હસ્તે આન, બાન અને શાન સાથે ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

આ પ્રસંગે હેમંતભાઈ કંસારાએ દેશની આઝાદી કાજે પોતાના પ્રાણનું સર્વોચ્ચ બલિદાન આપનાર અમર શહીદ વીરો અને વીરાંગનાઓને સ્મરીને તેમને કોટિ-કોટિ નમન સાથે ભાવાંજલિ અર્પણ કરી હતી. તેમણે ઉપસ્થિત સૌ કાર્યકરો અને જિલ્લાવાસીઓને સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને દેશની એકતા, અખંડિતતા તથા પ્રગતિ માટે નિષ્ઠાપૂર્વક યોગદાન આપવાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી કમલેશભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ધ્રુવીનભાઈ પટેલ, વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ, જિલ્લા સંગઠનના પદાધિકારીઓ, વિવિધ મોરચાના આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને દેશભક્તિના નારા લગાવી વાતાવરણને ગૂંજવી મુક્યું હતું.

# વર્તમાન પ્રવાહ તંત્રી લેખ

## પાકિસ્તાનના વધી રહેલ દુ:સાહસ સામે ભારતે તેને ઓપરેશન સિંદૂરની યાદ હંમેશ માટે રહી જાય એવાં પગલાં રહેવાની ખાસ જરૂરત

**એ**ક તરફ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં સરકાર સામે બળવો તીવ્ર બની રહ્યો છે, ત્યારે ભારતમાં સરહદ પારથી આતંકી હુમલાના લોહિયાળ કારસા સતત ચાલુ રહ્યા છે. ગયા સપ્તાહે જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ શ્રમજીવીઓને તેમનો ધર્મ પૂછીને બે હિન્દુને ઠાર કર્યાના બનાવે પાકિસ્તાનના નાપાક ઈરાદા વધુ એક વખત છતા કર્યા છે. ગયાં વર્ષે એપ્રિલ મહિનામાં પહેલાગામમાં આતંકીઓએ ૨૪ જેટલા પર્યટકને તેમનો ધર્મ પૂછીને ઠાર કર્યા હતા. પહેલગામ હુમલાની જેવા જ ગયા સપ્તાહના કુલગામ હુમલાની જવાબદારી પણ પાકિસ્તાનના તાબા હેઠળના આતંકી સંગઠન ટીઆરએફએ લીધી છે. ટીઆરએફ પ્રતિબંધિત લશ્કરએ તોયબાનો ચહેરો છે. પાકિસ્તાને લશ્કર એ તોયબાને મદદ કરીને ટીઆરએફની રચના કરાવી છે. ઈસ્લામાબાદ પર આતંકીઓને મદદ કરવાના આરોપ તળે એફએટીએફના પ્રતિબંધની તલવાર લટકતી હતી તેવા સમયે ટીઆરએફની રચના કરાઈ હતી. જોતજોતામાં આતંકનો પર્યાય બની ગયેલા ટીઆરએફનું નામ બિનકાશ્મીરીઓ અને તેમાં ખાસ તો હિન્દુઓની હત્યામાં કુખ્યાત બની ગયું છે. પહેલગામના હુમલા પાછળ પણ ટીઆરએફનો હાથ હોવાની હકીકતે તેનો લોહિયાળ ચહેરો વધુ છતો કર્યો હતો. પહેલગામના હુમલા સમયે આરંભમાં તેણે પોતાની જવાબદારી સ્વીકારી હતી, પણ પાછળથી વૈશ્વિક ટીકાને લીધે તેણે ફેરવી તોળ્યું હતું. તે સમયે પાકિસ્તાનને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ ટીઆરએફનો બચાવ કરવાની ફરજ પડી હતી. કુલગામના હુમલામાં બે શ્રમજીવીનાં મોત થયાં છે, પણ જે રીતે ધર્મ પૂછીને આતંકીઓએ તેમને નિશાન બનાવ્યા તે બતાવે છે કે, પાકિસ્તાન પહેલગામના લોહિયાળ કાંડ બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરીને ભારે તબાહી મચાવી હોવાની વાત બહુ જલ્દી વિસરી ગઈ છે. એમ પણ જણાય છે કે, ઈરાનના મામલે કહેવાતી મદદ કરીને અમેરિકાની નજીક પહોંચવા મથી રહેલા પાકિસ્તાનનું દુ:સાહસ હવે વધી ગયું છે, પણ ભારતે તેને ઓપરેશન સિંદૂરની યાદ સતત રહે એવાં પગલાં લેતાં રહેવાની ખાસ જરૂરત છે.

# અમારા સવાલોના જવાબ સરકાર નહીં આપે તો કોણ આપશે: ગૃહમંત્રી અમિત શાહ પર CJP ભડકી

### CJPના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે કેન્દ્ર સરકાર પર સંસદમાં વિપક્ષ અને યુવાનોનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

કૉક્રોચ જનતા પાર્ટી (CJP)ના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે કેન્દ્ર સરકાર પર સંસદમાં વિપક્ષ અને યુવાનોનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા તેમણે દાવો કર્યો છે કે તાજેતરમાં સંપન્ન થયેલા સંસદના ચોમાસુ સત્રમાં સરકારે સીજેપી (CJP)ના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શનો અને જનહિતના સવાલોના જવાબ આપવાનો ઈનકાર કરી દીધો છે. સૌરવ દાસના જણાવ્યા અનુસાર, લોકસભા સાંસદ માથેસ્વરન વી.એસ. દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને શિક્ષણ મંત્રાલય સમક્ષ જે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, તેને લોકસભાના નિયમ ૪૧(૨) ની વિવિધ ઉપ-ધારાઓનો હવાલો આપીને રદ કરી દેવામાં આવ્યા છે.

સૌરવ દાસે જણાવ્યું કે સાંસદ દ્વારા જનતા અને વિદ્યાર્થીઓના હિતને લગતા ૬ પ્રમુખ મુદ્દાઓ પર સવાલો રજૂ કરાયા હતા, જેને ફગાવી દેવા અયોગ્ય છે:

NEET-UG 2026 માટે અરજી ફી પરત કરવા બાબતે.

સરકારની કામગીરી પ્રત્યે જનતામાં વધી રહેલા અવિશ્વાસ અંગે.

દિલ્હીમાં CJP પ્રદર્શનકારીઓને પીવાનું પાણી અને સફાઈ જેવી પાયાની સુવિધાઓ ન આપવા મુદ્દે.

વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સરકારના સંવાદ અંગે.

વિદ્યાર્થીઓનું કલ્યાણ, પેપર લીક અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા.

શાંતિપૂર્ણ વિરોધના મૌલિક અધિકારનો ઉપયોગ કરતા નાગરિકો સાથેના વ્યવહાર બાબતે.

સૌરવ દાસે સરકારની મંશા પર પ્રશ્નાર્થ કરતા પૂછ્યું કે જો આવા જનહિતના મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા ન થઈ શકે, તો સરકારની જવાબદારી ક્યાં નક્કી થશે? શું લોકોએ જવાબ મેળવવા માટે રસ્તા પર જ ઉતરવું પડશે? તેમણે ગૃહમંત્રી અમિત શાહ પર સીધું નિશાન સાધતા સવાલ કર્યો કે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના સંવેદનશીલ સમયગાળામાં તેમણે સંસદમાં આવીને સ્પષ્ટતા કેમ ન કરી. તેમણે ઉમેર્યું કે સંસદમાં સવાલ પૂછવાનો અધિકાર એ સંસદીય લોકશાહીનો આત્મા છે, સરકાર સંસદનું મોં બંધ કરીને તેને પોતાની નીતિઓ પર મ્હોર મારતી સંસ્થા બનાવી શકે નહીં.

આ અગાઉ સૌરવ દાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં 'દિમાગી નક્સલ' ના ઉલ્લેખને લઈને પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. સીજેપી નેતાએ સ્પષ્ટ કર્યું કે માત્ર સરકારને સવાલ પૂછવાને કારણે ભણેલા-ગણેલા યુવાનોને નક્સલી કહી શકાય નહીં. તેમણે આક્ષેપ કર્યો કે આ સરકારનો અહંકાર છે અને યુવાનોની સમસ્યાઓ ઉકેલવામાં તેમની સંપૂર્ણ નિષ્ફળતા છે. અંતમાં તેમણે ચીમકી આપતા કહ્યું હતું કે હવે બદલાવની ઘંટી વાગી ચૂકી છે અને સરકાર માટે જાગવાનો સમય આવી ગયો છે.

### Gen-Z અંગે RSS વડા મોહન ભાગવતની મોટી ચેતવણી

# યુવાનોને યોગ્ય દિશા નહીં મળે તો બોજ બની જશે





(સંપૂર્ણ સમાચાર સેવા)

નાગપુર, તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ મોહન ભાગવતે આઝાદીની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે નાગપુરમાં વિદ્યાર્થીઓ અને Gen-Z (નવી પેઢી) સાથે ખાસ સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવતા કહ્યું હતું કે, ભારતનો યુવા વર્ગ દેશ માટે ડેમોગ્રાફિક ડિવિડન્ડ (જનસાંખ્યિકી લાભાંશ) છે. જો યુવાનોને સાચી દિશા, યોગ્ય માર્ગદર્શન અને તકો આપવામાં આવે તો તેઓ દેશ માટે અમૂલ્ય સંપત્તિ બની શકે છે.

નાગપુરના કસ્તૂરચંદ પાર્ક ખાતે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા તેમણે ચેતવણી આપી હતી કે, જો યુવાનોને યોગ્ય રીતે સાંકળવામાં કે કેળવવામાં નહીં આવે, તો આ જ યુવાધન આગળ જતાં સમાજ પર બોજ પણ બની શકે છે. આજનો યુવા વર્ગ આગામી ૩૦ વર્ષ પછી વડીલ પેઢી બનશે. તેથી તેમણે પોતાના પછી આવનારી નવી પેઢીનું ધ્યાન રાખવું પડશે અને તેમના પ્રતિ સંવેદનશીલ બનવું પડશે.

દેશ અને કાયદા અંગે પોતાના વિચારો રજૂ કરતાં ઈજીજી પ્રમુખે જણાવ્યું હતું કે, ભારત એક ખૂબ મોટો દેશ છે જેમાં વિવિધતાઓ રહેલી છે. આપણા દેશના કાયદા, બંધારણ, પવિત્ર સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોને ક્યારેય નુકસાન પહોંચવું ન જોઈએ. આ તમામ બાબતો એક મર્યાદા અને ધમ્મ ચક્રથી બંધાયેલી છે, જેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે. સમાજમાં એકતા પર ભાર મૂકતાં મોહન ભાગવતે કહ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને દેશને મહાન બનાવવાનો છે અને ક્યારેય આપસમાં તૂટવાનું નથી. દેશમાં આંતરિક ફૂટ-ફાટ ન થવી જોઈએ. એકલા વ્યક્તિ કે કોઈ એક પરિવારનું ભાગ્ય અલગથી નથી બનતું. જો વિશ્વમાં સુરક્ષા અને પ્રતિષ્ઠા જોઈતી હોય તો જ્યાં સુધી આપણો દેશ અને સમાજ સુરક્ષિત તથા પ્રતિષ્ઠિત નહીં થાય ત્યાં સુધી તે શક્ય બનશે નહીં.

# સોમ એટલે ચંદ્ર અને ચંદ્રએ જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ



**શિવ**નો અર્થ છે કલ્યાણ. તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો. તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે. શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહીં વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.

સોમનાથ મહાદેવનું મંદિર ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું છે. ભગવાન શિવના બાર પવિત્ર જ્યોતિર્લિંગમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે.

આ જગ્યાનો ઈતિહાસ જોઈએ તો એકવાર અત્રિઋષિ અને અનસૂયા શાંતિથી બેસીને જીવશિવની લીલા વિશે ચર્ચા કરતા હતા. ઘણા લોકો ભૌતિક સુખ, પુણ્ય, જીવન વિકાસ અને મોક્ષ માટે તપ કરતા હોય છે. અત્રિઋષિ અને અનસૂયા માનવજાતિના વિકાસ માટે, જગતમાં સુખ-શાંતિ અને સમાધાન માટે પુત્રની ઈચ્છા હતી અને તેના માટે તેઓ તપશ્ચર્યા કરે છે. ભગવાન શિવની કૃપાથી તેમને પુત્ર થાય છે જેનું ચંદ્ર નામ રાખવામાં આવે છે. માતા-પિતાના ગુણો ચંદ્રમાં આવે છે.

ચંદ્ર મોટો થતાં માતા અનસૂયા તેને સુશિલ અને સુસંસ્કૃત કન્યા સાથે લગ્ન કરી લેવા આગ્રહ કરે છે. ચંદ્રના મનમાં કોઈ સ્ત્રી શરીર સાથે નહીં પણ જે તેની બુદ્ધિ પ્રતિભાને સમજી શકે, પોતાના વ્યક્તિત્વથી ધર્મકાર્યમાં સહકાર આપે તેવી સર્વગુણ સંપન્ન પત્ની જોઈતી હતી. એકવાર ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યારે તેના કરતાં પણ સુંદર કન્યા મળે છે. એકબીજા સાથે વાતચીત થાય છે. ચંદ્ર પુછે છે કે શું તમે પરણેલા છો? ત્યારે કન્યા કહે છે કે પરણવું એટલે શું? અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ જોડાણ થાય તેને લગ્ન કહેવાય? પરણવું એટલે એકબીજામાં સમાઈ જવું. પ્રેમની ચરમસીમા વિલિનીકરણમાં છે. બે શરીરના લગ્ન એ લગ્ન નથી. પુરૂષ પાસે વૈભવ હોય, શૂરવીર હોય, સૌંદર્યવાન અને સર્વગુણસંપન્ન હોવો જોઈએ.

કન્યા કહે છે કે આવો સર્વગુણ સંપન્ન અત્રિઋષિનો પુત્ર ચંદ્ર છે તેવું મે મહાપુરૂષોના મુખેથી સાંભળ્યું છે, તેની સાથે મારે લગ્ન કરવા છે. કન્યા કહે છે કે મારૂં નામ રોહિણી છે. હું દક્ષ પ્રજાપતીની પુત્રી છું. ચંદ્ર કહે છે કે વર્ષોથી તું જેનું ચિંતન કરે છે તે ચંદ્ર હું જ છું. ત્યારે રોહિણી કહે છે કે અમે સત્તાવીશ બહેનો દિલથી એક વિચારની, એકબીજા ઉપર પ્રેમ અને આત્મિયતાના કારણે અમે નક્કી કર્યું છે કે અમે એક જ પતિ સાથે પરણીશું. ત્યારે ચંદ્ર કહે છે કે તમારા જેવી સર્વગુણ સંપન્ન આદર્શ નારી મળતી હોય તો બાકીની છવ્વીસને પણ હું સ્વીકારીશ.

રોહિણી ચંદ્રને પોતાના પિતા દક્ષ પાસે લઈ જાય છે અને બંન્નેના માતા-પિતાની સંમત્તિથી ખુબ જ ઠાઠમાઠથી દક્ષરાજાની સત્તાવીશ કન્યાઓ સાથે ચંદ્રનાં લગ્ન કરવામાં આવે છે. ચંદ્ર પોતાની પત્નીઓને લઈને પોતાના ઘેર આવે છે. લગ્ન પછી સત્કૃત્યોની શરૂઆત થાય છે. રોહિણી તેના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપે છે, ચંદ્રની કદર કરે છે. બાકીની છવ્વીસ પત્નીઓ ચંદ્રને પ્રેમ કરે છે પરંતુ ચંદ્રના કાર્યને સમજી શકતી નથી તેથી તેમનામાં મત્સર (પારકાની ચડતી સહન ન થતાં આવતી અદેખાઈ) ઉભો થયો અને તેમને લાગ્યું કે પતિનું ખેંચાણ આપણી તરફ નથી.

એકવાર દક્ષ પ્રજાપતિ ચંદ્રના ઘેર આવે છે ત્યારે રોહિણી સિવાઈની ૨૬ દિકરીઓ પિતાજીને ફરીયાદ કરે છે કે પિતાજી.. અહીં સુખ છે, આનંદ છે, લીલાલહેર છે પરંતુ અમારા પતિનું અમારી તરફ ખેંચાણ નથી, અમારી ઉપેક્ષા થાય છે. દક્ષે ચંદ્રને બોલાવીને ઠપકો આપ્યો કે તમારા વિશે જે ફરીયાદ મળી છે તેવું ફરીથી ભવિષ્યમાં ન બને તેની કાળજી રાખજો. ચંદ્ર કહે છે કે હું સમજી વિચારીને આવું કરતો નથી પરંતુ મારા કાર્ય અને બુદ્ધિને ફક્ત રોહિણી જ સમજી શકે છે તેથી તેના પ્રત્યે ખેંચાણ વધુ રહે છે.

એકવાર ચંદ્રના જીવનમાં એક ઘટના બને છે. દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાની તરફ ચંદ્રનું મન ખેંચાય છે ત્યારે રોહિણી સિવાઈની બાકીની પત્નીઓ ગુસ્સે થાય છે અને ચંદ્રનો તિરસ્કાર કરે છે તેથી ચંદ્રનું અન્ય પત્નીઓ તરફ ખેંચાણ ઓછું થાય છે. આખું જગત તિરસ્કાર કરે તો ચાલે પણ પત્ની આપણો તિરસ્કાર કરે તો તે અસહ્ય બને છે.


રોહિણી ઘણી સમજદાર હતી તેને ખબર હતી કે ચંદ્રમાં જગતને સુધારવાની શક્તિ છે. પ્રભુની કૃપા પ્રસાદીથી તે જગતમાં આવ્યો છે તેની કદાચ ભૂલ થઈ હશે. તે ચંદ્ર પાસે જઈને સમજાવે છે કે ગુરૂ બૃહસ્પતિની પત્ની તારા જેવી સ્ત્રી તમારા જેવા લોકોત્તર પુરૂષ પાછળ ગાંડી થાય તેમાં નવાઈ નથી પણ જગતમાં સૌંદર્ય અને શિતળતા લાવવા પ્રયાસ કરનાર તમે વિચાર કરો કે તમોને આ શોભે છે? અમે ૨૭ છીએ ૨૮મી લાવશો તો અમોને વાંધો નથી પરંતુ પરસ્ત્રી તરફ ખરાબ નજરે જોવું એ સારૂં ના કહેવાય. તમારા આ કાર્યથી કૌટુંબિક સૌંદર્ય, આરોગ્ય, સમાધાન, શાંતિ અને શિતળતા તમે ગુમાવી દેશો. ચંદ્રે પોતાની ભૂલની કબૂલાત કરી પાપ પ્રક્ષાલન કર્યું અને ફરીથી આવી ભૂલ ન કરવાની ખાત્રી આપી પરંતુ બાકીની ૨૬ પત્નીઓના તિરસ્કારથી તેમના વચ્ચેનું અંતર વધતું ગયું અને તેથી તેમને પિતા દક્ષને ફરીયાદ કરી.

દક્ષ ગુસ્સે થયા અને ચંદ્રને કહ્યું કે તમે વચન આપ્યા પછી પણ મારી તમામ દિકરીઓને એક સરખી રીતે રાખતા નથી. ચંદ્રે દલીલ કરી કે એમાં મારા એકલાનો દોષ નથી. હું દિવસ રાત જે કાર્ય કરૂં છું તેમાં રોહિણી સિવાઈ બીજી કોઈને રતીભર રસ નથી. આવી ફક્ત હાડમાંસના પિંજરા જેવી પત્નીઓ ઉપર મને પ્રેમ કેવી રીતે થાય..!

દક્ષરાજા કહે છે કે લગ્ન વખતે તમે જે સોગંદ ખાધા હતા કે ધર્મે ચ અર્થે ચ કામે ચ નાતિચરામિ તે પાળી શક્યા નથી અને દક્ષે ગુસ્સામાં શ્રાપ આપ્યો કે તને કર્તૃત્વનો, બુદ્ધિમત્તમાનો અને સૌંદર્યનો અહંકાર હોય તો જા.. તે બધાને ક્ષય લાગશે, તું ક્ષયરોગી થશે. દક્ષના ગયા પછી ચંદ્રને લાગ્યું કે સૌદર્ય, કર્તૃત્વશક્તિ જતી રહેશે તો મારાથી જગકલ્યાણના કામ થશે નહીં તેથી તે દક્ષ પાસે ગુનેગાર તરીકે જાય છે. પગે લાગીને કહે છે કે મારી ભૂલ થઈ છે. ચંદ્ર નિસ્તેજ બની જતાં તમામ પત્નીઓને પોતાની ભૂલ સમજાય છે કે શું કરવા ગઈ અને શું થઈ ગયું? તેઓ પણ પિતાજીને શ્રાપ પાછો ખેંચી લેવા વિનંતી કરે છે.

દક્ષે કહ્યું કે શ્રાપ પાછો ખેંચવાની શક્તિ મારામાં નથી. હવે શું કરવું? રોહિણી ચંદ્રને કહે છે કે તમારી શક્તિ અને પ્રભાને ક્ષય લાગ્યો છે. અત્રિ અને અનસુયાએ મહાન તપ કરીને જગતની સિકલ બદલવા શિવજી પાસેથી તમને મેળવ્યા હતા તે કાર્ય હવે થવાનું નથી. ચંદ્ર કહે છે કે આપણે બ્રહ્માજી પાસે જઈએ તે કોઈક રસ્તો બતાવશે.

ચંદ્ર અને રોહિણી બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્માજી તેમને નિગ્રહાનુગ્રહ સમર્થ ભગવાન શિવજીની આરાધના કરવાનું કહે છે. રોહિણી અને ચંદ્રે પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવની આરાધના કરી. વર્ષોના તપ પછી શિવજી પ્રગટ થાય છે અને ચંદ્ર પર અનુગ્રહ કરી ચંદ્રની શક્તિમાં પંદર દિવસ વૃદ્ધિ અને પંદર દિવસ ક્ષય થશે એવા આર્શીવાદ આપ્યા. જે જગ્યાએ બ્રહ્માજીએ ભગવાન શિવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું કહ્યું તે સોમનાથ. ચંદ્રે જગતમાં અને કસત્કાર્યો કર્યા, જગતમાં શિતળતા અને ભાવ વધારવા જીવન પસાર કર્યું અને જ્યારે તેને જગત છોડ્યું ત્યારે લોકોએ ચંદ્રની કદર કરી એક મહાન શિતળ ગોળો જે આકાશમાં ફરે છે તેને નામ આપ્યું ચંદ્ર.. અને ચંદ્ર જોડે જેણે સંસારનો સબંધ બાંધ્યો હતો તે ગમે તેવી પણ મહાન છે તે ચંદ્રની આસપાસ રહેતી નક્ષત્રમાલિકા. સત્તાવીસ માલિકાને પણ તેમનાં નામ આપ્યાં તે છે અશ્વિની ભરણી કૃત્તિકા રોહિણી મૃગ આર્દ્રા પુનર્વસુ પુષ્ય આશ્લેષા મઘા પૂર્વા ઉત્તરા હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જ્યેષ્ઠા મૂળ પૂર્વાષાઢા ઉત્તરાષાઢા શ્રવણ ધનિષ્ઠા શતતારકા પૂવાભા ઉત્તરાભા અને રેવતી..



**શ્રી સોમનાથ જ્યોતિર્લિંગની કથા**

આલેખન:
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ. જે જગ્યાએ પ્રભુકાર્ય કરવાવાળા ચંદ્રની ગુમાવેલ પ્રભા પરત મળી તે સ્થાન પ્રભાસ. પ્રાચીન માન્યતાઓ અનુસાર સત્યયુગમાં સોમરાજે સુવર્ણનું મંદિર બંધાવ્યું હતું. ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું મંદિર બંધાવ્યું હતું અને દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાથી મંદિરનું નવ નિર્માણ કર્યું હતું. સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રુવની વચ્ચે ફક્ત સમુદ્ર જઆવેલો છે અને કોઈ જમીન નથી. અહીં જ બાજુમાં ભાલકાતીર્થ આવેલું છે જ્યાંથી ભગવાન શ્રીકૃષ્ણ તેમના નિજધામ ગયા હતા. અહીં તેમને પારધી દ્વારા તેના પગમાં રહેલા પદ્મને વીંધીને તેમને ઘાયલ કર્યા હતા. આ જ જગ્યાથી ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈ શ્રી બલરામ પણ અહીંથી પાતાળ લોક ગયા હતા.

સોમનાથ મંદિરમાં પૂજા કરવા માટે એક હજાર બ્રાહ્મણો અને સોમનાથની યાત્રાએ આવતા યાત્રાળુઓના ક્ષોરકર્મ હજામત કરવા માટે ત્રણસો હજામો રાખ્યા હતા. સોમનાથનો કેટલો વૈભવ હશે અને કેટલું મહાન પવિત્ર સ્થાન હશે તેની કલ્પના કરો. ત્યારપછી સમય જતાં ચંદ્રે ઉભો કરેલ ભાવ ઓછો થયો, શક્તિ ગઈ, વૈભવ ગયો. સંસ્કૃતિની શક્તિ નબળી પડતાં મહંમદ ગઝનીએ મંદિરને તોડીને વૈભવ લૂંટ્યો.

આ બધી કથાનો અર્થ પણ સમજવો જોઈએ. ચંદ્રે ચાર પાપ કર્યા. વૃદ્ધનો અનાદર કર્યો, અનુભવવૃદ્ધ અને જ્ઞાન વૃદ્ધનો અનાદર ન કરવો જોઈએ.. પ્રતિજ્ઞાનું પાલન ન કર્યું. પોતાના માનેલા સંબંધીઓની સાથે પક્ષપાત કર્યો અને સ્ત્રીઓની ઉપર ભોગની નજર કરી.. સ્ત્રી તરફ જોવાની નજર અતિ પવિત્ર હોવી જોઈએ. ધર્મ અને સંસ્કૃતિના કામ કરનાર લોકોમાં ઉપર બતાવેલ પાપ થાય છે ત્યારે તેમને ક્ષય લાગે છે એટલે કે તે ખલાસ થાય છે. સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર, ૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું. ૧૧ મે, ૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા વિધી કરતાં કહ્યું હતુ કે 'સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે.' સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આ ટ્રસ્ટના ચેરમેન છે. આપણે યાત્રા કરીએ છીએ પણ સાથે સાથે યાત્રા કરવા પાછળનો ભાવ હૃદયમાં હોવો જોઈએ. ભાવનો અભાવ હોય તો યાત્રાની કોઈ કિંમત નથી.

વડાપ્રધાનના નિવેદન બાદ રાજકીય બબાલ

# "મગજના નક્સલીઓ" સમાજમાં અરાજકતા અને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે



**આ નિવેદન પર કોંગ્રેસ, સીપીઆઈ, તૃણમૂલ કોંગ્રેસ સહિત વિવિધ વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર પ્રતિક્રિયા મળી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી (૧૫ ઓગસ્ટ, ૨૦૨૬) ૮૦મા સ્વતંત્રતા દિવસના ભાષણમાં "માઈન્ડફુલ નક્સલીઓ" શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેનાથી દેશના રાજકારણમાં એક નવો વિવાદ ઉભો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જ્યારે દેશમાં સશસ્ત્ર નક્સલવાદ લુપ્ત થવાના આરે છે, ત્યારે બીજી તરફ, "મગજના નક્સલીઓ" સમાજમાં અરાજકતા ફેલાવવાનો અને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ નિવેદન પર કોંગ્રેસ, સીપીઆઈ, તૃણમૂલ કોંગ્રેસ અને કોકરોચ જનતા પાર્ટી (CJP) સહિત વિવિધ વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ મળી છે.

વૈચારિક વિરોધીઓને નિશાન બનાવતા પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, "સુરક્ષા દળોએ જંગલોમાં કાર્યરત બંદૂકધારી માઓવાદી બળવાખોરીનો લગભગ નાશ કરી દીધો છે."

તેમણે વધુમાં કહ્યું કે, પરંતુ નક્સલવાદી વિચારધારા ધરાવતા લોકો હવે મગજના નક્સલી તરીકે ઓળખાવીને દેશને ગેરમાર્ગે દોરવા અને યુવાનોને ગેરમાર્ગે દોરવાની તકો શોધી રહ્યા છે."

પીએમે કહ્યું કે, માઓવાદી વિચારધારા દાયકાઓથી સત્તા અને સલાહકાર સમિતિઓના કોરિડોરમાં ઘૂસી ગઈ છે, જે સરકારી નીતિઓને પ્રભાવિત કરી રહી છે. "આપણે આ દિમાગી નક્સલીઓને અલગ કરવા જોઈએ. વડાપ્રધાનનું નિવેદન સામે આવતાની સાથે જ, વિપક્ષી પક્ષોએ તેમના પર રાજકીય વિરોધીઓ અને ટીકાકારોને નિશાન બનાવવા માટે સ્વતંત્રતા દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, પહેલા તેમણે તેમના વિરોધીઓને શહેરી નક્સલી કહ્યા, હવે તેઓ તેમને માનસિક નક્સલી કહી રહ્યા છે. આ તેમની હતાશાનો સ્પષ્ટ સંકેત છે. પીએમ ઘણીવાર તે જ નીતિઓ અપનાવે છે જે તેઓ નિશાન બનાવે છે.


તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી, માનસિક નક્સલ શબ્દ કે આવું કોઈ લેબલ કામ કરશે નહીં! તમે દેશના શિક્ષિત યુવાનોને ફક્ત એટલા માટે નક્સલવાદી કેવી રીતે કહી શકો છો કારણ કે તેઓ તમારી સરકાર પર સવાલ ઉઠાવે છે? આ ઘમંડ અને યુવાનોની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નિષ્ફળતા છે.

ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI)ના મહાસચિવ ડી. રાજાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રવિરોધી અને ટુકડે-ટુકડે ગેંગના જમણેરી વલણ પછી, પીએમએ હવે માનસિક નક્સલનું એક નવું અર્થહીન લેબલ ઉમેર્યું છે. આ અસંમતિ વ્યક્ત કરનારા અવાજોને દબાવવા અને રોજગાર અને શિક્ષણ મેળવતા યુવાનોના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે.

TMC સાંસદ મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પર પીએમના નિવેદન પર કટાક્ષ કરતા લખ્યું કે, હા, હું એક માનસિક નક્સલ છું. વ્યાખ્યા પ્રમાણે, દરેક વ્યક્તિ કોકરોચ છે.

લાલ કિલ્લા પરથી આપેલું આ નિવેદન આગામી દિવસોમાં, ૨૦૨૭ અને ૨૦૨૮ માં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રાષ્ટ્રીય રાજકીય અને સુરક્ષા ચર્ચાઓનું મુખ્ય કેન્દ્ર બનવાની શક્યતા છે.

# "વંદે માતરમ" અધૂરું છોડવું મોટું પાપ, સોનિયા-રાહુલ માફી માગે : અમિત શાહ



**કોંગ્રેસ મુખ્યાલયમાં રાષ્ટ્રગીત દરમિયાન સોનિયા ગાંધીના કહેવાથી ગાનને અધવચ્ચે જ રોકી દેવામાં આવ્યું હતું, જે ખૂબ જ શરમજનક છે : અમિત શાહ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ચિત્તોડગઢ, તા.૧૬**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કહ્યું કે, કોંગ્રેસ મુખ્યાલયમાં મોટું પાપ થયું છે અને તેના માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ દેશની માફી માગવી જોઈએ. ચિત્તોડગઢમાં એક રેલીને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, વંદે માતરમનું સંપૂર્ણ ગાન ન કરવા બદલ કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ.

તેમણે કહ્યું કે, "કોંગ્રેસ વંદે માતરમને ભૂલી ગઈ હતી. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની એ અમર રચના, એક ગીતના બે શબ્દ, વંદે માતરમ, 'ભારત માતાની હું વંદના કરું છું' આ શબ્દો બોલતાં હજારો-લાખો લોકો ફાંસીના માંચડે ચડી ગયા હતા. મતબેંકની લાલચમાં કોંગ્રેસે વંદે માતરમને ભૂલી દીધું હતું. વંદે માતરમની રચનાને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે માતરમને ફરી એક નવું જીવન આપવાનું કામ કર્યું છે."

અમિત શાહે કહ્યું, "તેમની (કોંગ્રેસ) નિર્લજ્જતા જુઓ. કોંગ્રેસ પાર્ટીના મુખ્યાલય પર વંદે માતરમનું ગાન થઈ રહ્યું હતું. ગાન ચાલી રહ્યું હતું ત્યારે કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષને ગાન રોકવાની વાત કહી હતી. આપણે સૌ ટીવી પર જોતા જ રહી ગયા. ૮૦ વર્ષ બાદ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું આ અમર ગીત જ્યારે ફરી સન્માન મેળવી રહ્યું છે, ત્યારે તે પણ સોનિયા ગાંધીને પસંદ નથી આવ્યું."

તેમણે આગળ કહ્યું કે, "સોનિયા જી, ૧૪૦ કરોડ જનતા તમને જોઈ રહી છે. તમારા દ્વારા કરવામાં આવેલા આ પાપને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોઈ સ્વપ્નમાં પણ કેવી રીતે વિચારી શકે કે વંદે માતરમનું ગાન અધૂરું છોડી દેવામાં આવે? કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ અને જો થોડી પણ શરમ બાકી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુ અને દેશની જનતા પાસે માફી માગવી જોઈએ."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને દિવંગત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે કહ્યું કે, "અટલજીની યાદમાં ૨૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવાનું કામ ભાજપના કાર્યકર્તાઓએ કર્યું છે. ૧.૫ કરોડ રૂપિયાના ખર્ચે અટલજીના વ્યક્તિત્વ જેવી ભવ્ય પ્રતિમા અહીં સ્થાપિત કરવામાં આવી છે. આજે ૧૫ જિલ્લાઓમાં ૫૭૫૫ કરોડ રૂપિયાના ૯૪૪ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે." તેમણે કહ્યું કે, "જ્યારે વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં હર ઘર નલ અને હર ઘર જલ યોજના શરૂ કરી ત્યારે રાજસ્થાનના માત્ર ૧૧ લાખ ઘરોમાં પાણી પહોંચતું હતું. ૭૦ વર્ષમાં કોંગ્રેસે ૧૧ લાખ ઘરો સુધી પાણી પહોંચાડ્યું હતું, પરંતુ વડાપ્રધાન મોદીએ માત્ર ૮ વર્ષમાં ૬૪ લાખ ઘરો સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે."

અમિત શાહે સીધું સંબોધન કરતા કહ્યું કે, "સોનિયા જી, ૧૪૦ કરોડની જનતા તમને જોઈ રહી છે. તમે કરેલું આ પાપ દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોઈ સપનામાં પણ કેવી રીતે વિચારી શકે કે વંદે માતરમનું ગાન અધૂરું છોડી દેવામાં આવે? કોંગ્રેસના લોકોને શરમ આવવી જોઈએ. જો થોડી પણ શરમ બાકી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુ અને આ દેશની જનતા પાસે માફી માંગવી જોઈએ."

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને, દિવંગત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે અમિત શાહે કહ્યું, "અટલ જીની યાદમાં ૨૧ ફૂટની પ્રતિમા લગાવવાનું કામ ભાજપના કાર્યકર્તાઓએ કર્યું છે. ૧.૫ કરોડની કિંમતે અટલ જીના વ્યક્તિત્વ જેવી ભવ્ય પ્રતિમા અહીં સ્થાપિત કરી છે. આજે ૧૫ જિલ્લાઓમાં ૫૭૫૫ કરોડના ૯૪૪ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન થયું છે."

તેમણે કહ્યું, "જ્યારે વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં હર ઘર નળ અને હર ઘર જળની યોજના શરૂ કરી ત્યારે રાજસ્થાનના માત્ર ૧૧ લાખ ઘરોમાં પાણી પહોંચ્યું હતું. ૭૦ વર્ષોમાં કોંગ્રેસે ૧૧ લાખ ઘરો સુધી પાણી પહોંચાડ્યું હતું, PM મોદીએ માત્ર ૮ વર્ષોમાં ૬૪ લાખ ઘરો સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે."

TMCની પાર્ટી ઓફિસમાંથી મળ્યો મૃતદેહ

# પશ્ચિમ બંગાળના પૂર્વ ડેપ્યુટી સ્પીકર આશિષ બેનર્જીનું મોત

**પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૬**

પશ્ચિમ બંગાળ વિધાનસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર આશિષ બેનર્જી આજે સવારે બીરભૂમ જિલ્લાના રામપુરહાટ શહેરમાં પોતાના ઘર પાસે આવેલા તૃણમૂલ કોંગ્રેસના કાર્યાલયમાં મૃત હાલતમાં મળી આવ્યા. પોલીસે જણાવ્યું કે, તેમનો મૃતદેહ ફાંસીથી લટકતો મળ્યો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

જણાવી દઈએ કે, આશિષ બેનર્જી ત્યારે ડેપ્યુટી સ્પીકર હતા જ્યારે તૃણમૂલ પ્રમુખ મમતા બેનર્જી મુખ્યમંત્રી હતાં. તેઓ રામપુરહાટથી પાંચ વખત ધારાસભ્ય રહ્યા હતા.

આશિષ બેનર્જી લાંબા સમયથી મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વવાળી તૃણમૂલ કોંગ્રેસના અગ્રણી નેતાઓમાં સામેલ રહ્યા. તેઓ રામપુરહાટ વિધાનસભા બેઠક પરથી પાંચ વખત ધારાસભ્ય ચૂંટાયા હતા. વિધાનસભામાં તેમણે ડેપ્યુટી સ્પીકરની જવાબદારી પણ સંભાળી હતી. આ સિવાય મમતા બેનર્જીની સરકારમાં તેઓ મંત્રી પણ રહી ચૂક્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, બેનર્જીનો મૃતદેહ રામપુરહાટમાં તેમના ઘર પાસે આવેલા પાર્ટી કાર્યાલયમાંથી મળ્યો. તેઓ હુતાલાપાડા વિસ્તારમાં રહેતા હતા. સવારે તેમનો મૃતદેહ મળવાના સમાચાર ફેલાતા જ પાર્ટી કાર્યાલયની બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા. હાલમાં પોલીસ એ જાણવામાં લાગી છે કે ઘટનાક્રમ પાછળ શું કારણ હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ પછી જ મોતના સંજોગોને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ શકશે. આશિષ બેનર્જીની રાજકીય સફર ઘણી લાંબી રહી. તેઓ ૨૦૦૧થી રામપુરહાટ વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા અને સતત બહુવિધ ચૂંટણીઓમાં જીત નોંધાવી. મમતા બેનર્જી મુખ્યમંત્રી બન્યા પછી તેમની સરકારમાં તેમને અલગ-અલગ ખાતાઓની જવાબદારી મળી. ૨૦૧૭માં તેઓ પશ્ચિમ બંગાળ સરકારમાં કૃષિ મંત્રી પણ રહ્યા. પાછળથી તેમને વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર બનાવવામાં આવ્યા હતા.

જોકે, આ વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમને રામપુરહાટ બેઠક પર ભાજપના ધ્રુબ સાહા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી જૂન ૨૦૨૬માં તેમણે બીરભૂમ જિલ્લા સંગઠન સાથે જોડાયેલી કેટલીક મહત્વપૂર્ણ જવાબદારીઓમાંથી રાજીનામું પણ આપ્યું હતું. આશિષ બેનર્જીને મમતા બેનર્જીના નજીકના નેતાઓમાં ગણવામાં આવતા હતા. ૨૦૨૨માં બીરભૂમની રાજનીતિ સાથે જોડાયેલા વિવાદ દરમિયાન પણ તેમનું નામ ચર્ચામાં આવ્યું હતું. તે સમયે તેઓ રાજ્ય વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર હતા અને રામપુરહાટના ધારાસભ્ય તરીકે પાર્ટીમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા હતી.

આશિષ બેનર્જીએ આ જ વર્ષે ૨ જૂને ટીએમસીના બીરભૂમ જિલ્લા પ્રમુખ અને જિલ્લા કોર કમિટીના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું. તેમણે તે સમયે કહ્યું હતું કે, જિલ્લા કોર કમિટી હવે અસરકારક રીતે કામ નહોતી કરી રહી અને તેની જરૂરિયાત પણ નહોતી રહી. રાજીનામું આપ્યા પછી આશિષ બેનર્જીએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પાર્ટીથી અલગ નથી થઈ રહ્યા. તેમણે કહ્યું હતું કે, આગળ તેઓ તૃણમૂલ કોંગ્રેસના સામાન્ય સભ્ય તરીકે જ કામ કરશે.

**ભારતમાં મોટા પાયે ગેરકાયદે સોપારીની આયાતનો પર્દાફાશ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ, એક મહિના લાંબા ગુપ્તચર-આધારિત ઓપરેશનમાં, દક્ષિણ-પૂર્વ એશિયાઈ સોપારીને ખોટી રીતે બાંગ્લાદેશી મૂળની દર્શાવીને અને સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એરિયા હેઠળ કપટપૂર્વક રાહતદરે જકાત લાભો મેળવીને ભારતમાં આયાત કરવાના એક મોટા નેટવર્કને ખુલ્લું પાડ્યું છે. તપાસમાં અત્યાર સુધીમાં રૂ.૨,૫૦૦ કરોડથી વધુના સંભવિત મહેસૂલ નુકસાનનો ખુલાસો થયો છે. આ કેસમાં નવ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

ભારતમાં સોપારીની આયાત પર ૧૦૦%ની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) લાગે છે. જો કે, સાફ્ટા (SAFTA) કરાર હેઠળ કરવામાં આવતી સોપારીની પાત્ર આયાતને કસ્ટમ ડ્યુટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે છે. જો આયાત નિર્ધારિત રૂલ્સ ઓફ ઓરિજિન માપદંડોને પૂર્ણ કરે તો બાંગ્લાદેશમાંથી ઉદ્ભવતી સોપારી સાફ્ટા હેઠળ મુક્તિ માટે હકદાર છે.

DRI દ્વારા એકત્રિત કરવામાં આવેલી અને વિકસાવવામાં આવેલી ગુપ્ત માહિતી સૂચવે છે કે કેટલીક સિન્ડિકેટ્સ સોપારીની આયાત પર ખૂબ જ મોટા પાયે કપટપૂર્વક સાફ્ટા લાભોનો દાવો કરી રહી હતી. જ્યારે તેઓ ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, મલેશિયા અને અન્ય દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાંથી ઉદ્ભવેલી અને મેળવેલી સોપારીની આયાત કરી રહ્યા હતા, ત્યારે તેઓ ભારતમાં આયાત કરવામાં આવતી સોપારીના મૂળ દેશને ખોટી રીતે બાંગ્લાદેશ તરીકે દર્શાવી રહ્યા હતા.

ત્યારબાદ, કોલકાતા અને વિશાખાપટ્ટનમમાં આયાતકારો, કસ્ટમ્સ બ્રોકર્સ અને IEC ધારકો સાથે સંકળાયેલા અનેક પરિસરોમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. સોપારીના દક્ષિણ-પૂર્વ એશિયાઈ મૂળની સ્થાપના કરતા અનેક ગુનાહિત દસ્તાવેજો અને નોંધપાત્ર પુરાવા મળી આવ્યા હતા. DRI અધિકારીઓએ ગેરકાયદે રીતે આયાત કરાયેલા માલના વેચાણની ઉપજ હોવાની આશંકા ધરાવતી અંદાજે રૂ. ૭૫ લાખની રોકડ પણ જપ્ત કરી હતી. અંદાજે 160 MT સોપારીનો એક લાઈવ કન્સાઈનમેન્ટ પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

## સ્પોર્ટ્સ ન્યુઝ

૪ દિવસમાં જીતી પ્રથમ ટેસ્ટ

# બાંગ્લાદેશનો ઐતિહાસિક વિજય, ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં ધૂળ ચટાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ડાર્વિન, તા.૧૬ :** બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને પ્રથમ ટેસ્ટ મેચમાં હરાવી ઈતિહાસ રચી દીધો છે. ડાર્વિનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને ૯ વિકેટે કારમો પરાજય આપ્યો છે. બાંગ્લાદેસ માટે આ ટેસ્ટ જીત ઐતિહાસિક છે, કારણ કે તેણે પ્રથમવાર ઓસ્ટ્રેલિયાને તેના ઘરમાં હરાવ્યું છે. બાંગ્લાદેશે ચોથા દિવસે બીજા સત્રમાં કાંગારૂઓને ધૂળ ચટાવી છે.

ટેસ્ટ મેચના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને ૫૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. બાંગ્લાદેશે એક વિકેટ ગુમાવી આ લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. પ્રથમ ઈનિંગમાં ૧૦૧ રન બનાવનાર ઓપનર તનઝીદ હસન બીજી ઈનિંગમાં શૂન્ય રન બનાવી આઉટ થયો હતો. પરંતુ બાંગ્લાદેશ પર તેની કોઈ અસર પડી નહીં. બાંગ્લાદેશ માટે બીજી ઈનિંગમાં શદનામ ઈસ્લામે અણનમ ૨૫ અને મોમિનૂલ હકે અણનમ ૩૦ રન ફટકાર્યા હતા. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ ચોથા દિવસે ૪ વિકેટ પર ૧૬૧ રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. ચોથા દિવસે કેમરૂન ગ્રીને પોતાની સદી પૂરી કરી હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ બીજી ઈનિંગમાં ૨૮૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. કેમરૂન ગ્રીને ૧૦૪ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી બીજી ઈનિંગમાં મેહદી હસન મિરાઝે ૬૬ રન આપી પાંચ વિકેટ લીધી હતી. આ સિવાય હસન મહમુદને ત્રણ સફળતા મળી હતી.

ડાર્વિન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર ૧૯૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટીવ સ્મિથે સૌથી વધુ ૭૧ રન ફટકાર્યા હતા. બાંગ્લાદેશ તરફથી હસન મહમૂદે ૫૫ રન આપી છ સફળતા મેળવી હતી.

બાંગ્લાદેશે પ્રથમ ઈનિંગમાં ૪૨૬ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી ઓપનર તાંઝિદ હસન તમિમે શાનદાર સદી ફટકારી હતી. તે ટેસ્ટ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાની ધરતી પર સદી ફટકારનાર પ્રથમ બાંગ્લાદેશી ક્રિકેટ બન્યો હતો. આ સિવાય કેપ્ટન નજમુલ શાન્તોએ ૮૪ રન બનાવ્યા હતા. મેહદી હસન મિરાઝે પણ ૬૫ રનનું યોગદાન આપ્યું હતું.

WTC પોઈન્ટ્સ ટેબલમાં પમા સ્થાને ફેંકાઈ

# બાંગ્લાદેશની જીતથી ભારતીય ટીમને આંચકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬ :** ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પ્રથમ ટેસ્ટમાં ૯ વિકેટથી જીતની સાથે બાંગ્લાદેશે WTC પોઈન્ટ ટેબલમાં ઉથલપાથલ મચાવી દીધી છે. ઓસ્ટ્રેલિયાના ઘરમાં પ્રથમવાર ટેસ્ટ મેચ જીતનારી બાંગ્લાદેશની ટીમ પોઈન્ટ ટેબલમાં હવે ચોથા સ્થાને પહોંચી ગઈ છે. તો ભારતીય ટીમ ટેબલમાં પાંચમાં સ્થાને ખસી ગઈ છે. બાંગ્લાદેશના હવે ૫ મેચમાં ૩ જીત, ૧ હાર અને ૧ ડ્રોની સાથે ૬૬.૬૭ PCT થઈ ગયા છે. તો ભારતની પાસે ૪૮.૧૫ PCT છે.

જોકે ટીમ ઈન્ડિયા અત્યારે શ્રીલંકામાં બે મેચની ટેસ્ટ સિરીઝ રમી રહી છે. જો તે શ્રીલંકા વિરુદ્ધ ૨-૦થી જીત મેળવે છે તો પોઈન્ટ ટેબલમાં ફેરફાર જોવા મળશે. બાંગ્લાદેશ સામે મળેલી હાર છતાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને છે. આ સિવાય આફ્રિકાની ટીમ બીજા અને ન્યૂઝીલેન્ડ ત્રીજા સ્થાને છે.

બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ડ્રાર્વિનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ૯ વિકેટે ઐતિહાસિક જીત મેળવી છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ ક્રિકેટમાં આ બાંગ્લાદેશની માત્ર બીજી જીત છે. મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમ બાંગ્લાદેશ સામે બેટિંગ અને બોલિંગમાં સાધારણ લાગી હતી. મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ માત્ર ૧૯૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં બાંગ્લાદેશે ૪૨૬ રન બનાવી ૨૨૮ રનની લીડ મેળવી હતી. તો બીજી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાની ટીમ કેમરૂન ગ્રીનની સદીની મદદથી માત્ર ૨૮૪ રન બનાવી શકી હતી, જેનાથી બાંગ્લાદેશને ૫૭ રનનો ટાર્ગેટ મળ્યો હતો. આ લક્ષ્યને બાંગ્લાદેશે બીજી ઈનિંગમાં ૧૪.૨ ઓવરમાં માત્ર ૧ વિકેટ ગુમાવી હાસિલ કરી લીધો હતો. મેચમાં બાંગ્લાદેશ માટે ફાસ્ટ બોલર હસન મહમૂદે કુલ ૯ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં મેહદી હસન મિરાઝે પણ પાંચ વિકેટ ઝડપી હતી.

# અરુણાચલ પ્રદેશઃ અચાનક આવેલા પૂરમાં સેનાના પાંચ જવાનો ગુમ, રોડ બનાવતા ૪ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈટાનગર, તા.૧૬**

અરૂણાચલ પ્રદેશમાં મૂશળધાર વરસાદને કારણે સ્થિતિ વણસી છે. દિબાંગ ઘાટી જિલ્લામાં અચાનક આવેલા ભયાનક પૂરના કારણે ભારતીય સેનાના બે અસ્થાયી શેલ્ટર (આશ્રય) પાણીના તીવ્ર પ્રવાહમાં તણાઈ ગયા હતા, જેમાં ૫ સૈન્યકર્મીઓ ગુમ થયા છે. આ ઉપરાંત, અપર સુબનસિરી જિલ્લામાં રોડ નિર્માણ સ્થળ પર થયેલા ભૂસ્ખલનમાં ૪ લોકોના મોત થયા છે.



તંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ બંને ઘટનાઓ શુક્રવારે સાંજે બની હતી. પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ બાદ રાહત તેમજ બચાવ કાર્ય ઝડપથી ચલાવવામાં આવી રહ્યા છે.

દિબાંગ ઘાટીમાં ભારે વરસાદના કારણે અચાનક પૂર આવી ગયું હતું. આ પૂરની ચપેટમાં સેનાના બે અસ્થાયી શેલ્ટર આવી જતાં તે વહી ગયા હતા. દુર્ઘટના સમયે ત્યાં હાજર ૭ જવાનો પાણીમાં તણાયા હતા. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન ૨ જવાનોને સુરક્ષિત બચાવી લેવાયા છે, જ્યારે ૫ જવાનો હજુ પણ ગુમ છે. તેમની શોધખોળ માટે સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે.

બીજી તરફ, અપર સુબનસિરી જિલ્લામાં કેઓજારિંગ-બયાચિંગ રોડ નિર્માણ સ્થળ પર મોટું ભૂસ્ખલન થયું હતું. ટેકરીનો કાટમાળ અચાનક રોડ પર કામ કરી રહેલા મજૂરો પર પડતાં ૪ લોકોના સ્થળ પર જ મોત થયા હતા. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અનુસાર, મૃતકોની ઓળખ તાડૂ બાકી, તાજી રાય, માર્કોશ બસુમતારી અને બાબુલ અલી તરીકે થઈ છે.

# વારાણસી એરપોર્ટ પર ફાયરિંગ, મહિલા અને યુવક ઘાયલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વારાણસી, તા.૧૬**

ઉત્તર પ્રદેશના વારાણસી એરપોર્ટ પર ગોળીબારની ઘટના સામે આવી છે, જેમાં ૨ લોકો ઘાયલ થયા છે. આઝમગઢનો એક મુસાફર Air Indiaની ફ્લાઈટથી મુંબઈ જવાનો હતો. તેની પાસે પિસ્તોલ અને મેગેઝિન પણ હતું. મુસાફરે પોતાની પિસ્તોલ અને મેગેઝિનની જાણકારી પણ આપી હતી. આ દરમિયાન અચાનક પિસ્તોલમાંથી ગોળી ચાલી ગઈ અને જમીન સાથે અથડાયા બાદ નજીકમાં ઊભેલા એક યુવક અને મહિલાને વાગી હતી.

મહિલાની જાંઘ અને યુવકના હાથમાં ગોળી વાગી છે. બંનેને તાત્કાલિક હરહુઆની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલાની તપાસ હવે પોલીસ અને એરપોર્ટ ઓથોરિટી કરી રહી છે. આ ઘટના વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટની છે. વારાણસી પોલીસે નિવેદન જાહેર કરીને જણાવ્યું કે, ૧૬ ઓગસ્ટે લગભગ ૯:૩૦ વાગ્યે IX-1810થી મુંબઈ જનાર એક મુસાફર પિસ્તોલ લઈને આવ્યો હતો. તે પોતાની પત્ની સાથે મુસાફરી કરી રહ્યો હતો.

હથિયારની તપાસ દરમિયાન મુસાફર પાસેથી એક ગોળી ચાલી ગઈ, જેના કારણે ૨ AAICLAS સુરક્ષા તપાસકર્તા ઘાયલ થયા હતા. પોલીસે વધુમાં જણાવ્યું કે બંનેને સારવાર માટે ન્યૂ લક્ષ્મી ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા છે. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી છે અને આગળની તપાસ ચાલુ છે.

# વાપી કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમમાં સ્વતંત્રતા દિનની ઉજવણી: પ્રમુખ સતિષભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

આજરોજ કનુ દેસાઈ વી.આઈ.એ. ઓડિટોરિયમ ખાતે ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વી.આઈ.એ.ના પ્રમુખ સતિષભાઈ પટેલે ધ્વજારોહણ કરી ૮૦ માં સ્વતંત્રતા દિનની શુભેચ્છા આપી હતી. વરસતાં વરસાદ વચ્ચે પણ સ્વતંત્રતા દિવસ નિમિતે પોતાની ફરજ સમજીને તિરંગાને સલામી આપવા બદલ ઉપસ્થિત ઉદ્યોગકાર મિત્રોને બિરદાવ્યા હતા. તેમણે પોતાના વક્તવ્ય દ્વારા થોડા દિવસો પહેલા વરસેલ અતિ વરસાદના કારણે વાપી અને આજુબાજુના વિસ્તારમાં લોકોને જે તકલીફ પડી તે સમયે, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ઉદ્યોગકાર મિત્રો અને વાપી મહાનગર પાલિકાએ સાથે મળી પીડિતોના પુનઃ ઉત્થાન માટે જે અથાગ પ્રયત્નો કર્યા તે માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે અનુરોધ કર્યો કે વાપી મહાનગરપાલિકા અને વાપી નોટીફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા જે સ્વછતા અભિયાન ચાલે છે તેમાં આપણે સૌ સહભાગી થઈએ અને આપણાં રહેણાંક વિસ્તાર તેમજ ઉદ્યોગોની આસ-પાસના વિસ્તારમાં સ્વછતા જાળવીએ, અને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં વાપીને સ્વચ્છ, સુંદર અને સમૃદ્ધ બનાવીએ. આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આપણા દેશને અને ગુજરાતને ૨૦૪૭ માં વિકસિત ભારત અને વિકસિત ગુજરાત બનાવવા માટે જે આવ્હાન કર્યું છે તેમાં આપણે સહભાગી બનીએ.

આ કાર્યક્રમમાં વી.આઈ.એ.ના ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી કલ્પેશભાઈ વોરા, સહ માનદ મંત્રી ચંદ્રેશભાઈ મારુ, વી.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ ભદ્રા અને કમલેશભાઈ પટેલ, વી.આઈ.એ.ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સ નાનુભાઈ બાંભરોલીયા અને રજનીશભાઈ આનંદ, વી.આઈ.એ.ના ઈન્વીટી મેમ્બર માધુભાઈ મંગુકિયા, વી.આઈ.એ.ના એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર એવા હેમંત પટેલ, મેહુલ પટેલ, સંજય સવાણી, રાજ ગોગદાની, ધનસુખ રૂદાની, જગદીશ ભરુચી, જયેશ ટેકચંદાની, જોય કોઠારી, કેતન ઠક્કર, કમલેશ ભીમાણી, મોહિત રાજાની, દેવેન્દ્ર પટેલ, હેમાંગ નાયક, મનોજ પટેલ અને સુપ્રતિક દત્ત, વી.જી.ઈ.એલ.ના સી.ઈ.ઓ. જતીન મહેતા, વાપી જી.આઈ.ડી.સી. ફાયર વિભાગના સભ્યો, વી.આઈ.એ. અને વી.ઈ.સી.સી. ના સભ્યોએ ઉપસ્થિત રહી તિરંગાને સલામી આપી હતી અને અંતે ગાંધીજીની છબીને સુતરની આંટી પહેરાવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## જૈનાચાર્યનું ‘‘મારું જીવન સુગંધી બને’’ વિષય પર ધર્મપ્રવચન

# ‘‘જીવનને સુગંધી બનાવવા અત્તર નહિ, સદાચાર અને સદ્ગુણો જરૂરી છે.’’ : વિજયપુણ્યરક્ષિતસૂરિ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

ફુલદાનીમાં રાખેલા બે-ચાર ફુલ ઘરને મહેકાવે છે. કપડા પર છાંટેલું પરફયુમ કે કાનમાં ખોસેલું અત્તર પૂમડું આજુબાજુની હવાને સુગંધિત કરી દેશે પણ જીવનને કોઈ બગીચાના ફૂલો-અત્તર શીશીઓ કે પરફયુમની બાટલીઓ સુગંધિત નહિ કરી શકે. જીવનને સુગંધી બનાવવા જોઈએ સદાચાર અને સદ્ગુણો!

આ સદાચાર અને સદ્ગુણોના ફૂલો વગર કોઈનું જીવન સુગંધી નથી બનતું. સદાચાર જીવનને નંદનવન બનાવે છે, દુરાચાર જીવનને ઉજ્જડ વન બનાવે છે. સદાચાર વિનાનું જીવન એટલે સુગંધ વગરનું ફુલ! સદાચાર વિનાનું જીવન એટલે સેલ વગરની બેટરી! સદાચાર વિનાનું જીવન એટલે સાકર વગરની મીઠાઈ! સદાચાર વિનાનું જીવન એટલે પાયા વગરની ઈમારત! સદાચાર વિનાનું જીવન એટલે માલ વગરનું બારદાન!

આજે એરકન્ડીશન ઘરમાં રહેતા કુટુંબની કંડીશન ઠીક નથી હોતી. એનું કારણ ઘર શ્રીમંત છે પણ ઘરમાં રહેનારામાં સદ્ગુણો-સદાચાર નથી તો સદ્ગુણો-સદાચાર વગરના જીવનમાં શાંતિ ક્યાંથી હોય?

જીવનને સુગંધી બનાવવા સદાચાર-પરોપકાર-પ્રેમ-પવિત્રતા-ઉદારતા-સંપ અને સંસ્કારના પુષ્પો જરૂરી છે. સંપત્તિ તમને શ્રીમંત બનાવશે, સદાચાર તેમને સુખી બનાવશે. જો તમારા જીવનમાં સદ્ગુણો નહિ હોય તો સગા ભાઈ વચ્ચે ને બેન વચ્ચે ને પરિવાર વચ્ચે આ સદ્ગુણો વગર હોળીઓ આખી જીદંગીને બળતરા આપશે અને ક્યાંય બાળી નાખશે. તમારા ઘરમાં ફૂલદાની-અત્તરદાની-ગોળધાણી-પાનદાની-મચ્છરદાની બધું જ હોય પણ ખાનદાની ના હોય તો બધું જ બેકાર છે.

શ્રીમંતોના ઘરમાં ફરવા માટે એક કાર, બે કાર, ત્રણ કાર હોય પણ સંસ્કાર ન હોય તો બધું બેકાર છે. સદાચાર વિના લાખ રૂપિયાને ખાખ તતા સમય લાગતો નથી.

જે ઘરમાં સદાચાર નથી ત્યારં લાખ્ખોની મિલકત હોય તો પણ શું કામની? તમારી પાસે સંપત્તિ હશે તો વિલ બનશે. તમારી પાસે સંસ્કાર (સદાચાર) હશે તો ગુડવિલ બનશે. સોનાની પરીક્ષા એના કેરેટથી થાય છે, માણસની પરીક્ષા એના કેરેક્ટરથી થાય છે. ‘‘જો તમારી સંપત્તિ (ધન) ચાલી જશે તો તમારું કશું ગયું નથી. જો તમારું સ્વાસ્થ્ય ચાલ્યું ગયું તો કંઈક ગયું છે. પણ જો તમારું ચારિત્ર ગયું તો તમારું બધું જ ચાલ્યું ગયું છે.’’

સંપ-સ્નેહ-સહયોગ-સહનશીલતા-સહાનુભૂતિ આ સદ્ગુણોને તમારા પારિવારિક જીવનનો પ્રાણ બનાવો. આ પાંચ ‘સ્’ તમારા ઘરમાં સ્થાન પામી જાય તો તમારું ઘર સ્વયં સ્વર્ગ બની શકે છે. સદાચાર જીવનને શણગારે છે, દુરાચાર જીવનને સળગાવે છે.

‘‘તમારા જીવનરૂપી ઉપવનમાં સદ્ગુણોના વટવૃક્ષ હોય, જેમાં અહોભાવના મૂળિયા હોય, આચારની શાખા અને પ્રશાખા હોય, ગંભીરતા-ઉદારતા વિગેરે ગુણપુષ્પો મઘમઘ્યાયમાન થતા હોય અને અનુમોદનાની હરિયાળી ચારે બાજુ લહેરાતી હોય તે ખરેખર જીવન મળ્યું જ નહિ પણ ફળ્યું કહેવાય.’’

ઉપરોક્ત શબ્દો ધર્મનગરી સુરત શહેરના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં વિજયરામચન્દ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન દીક્ષાયુગપ્રવર્તક ‘‘સૂરિરામ’’ સમુદાયવર્તી જિર્ણોદ્ધારજ્યોતિર્ધર પૂ.આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાના પ્રોશષ્યરત્ન જોશીલા પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયપુણ્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાએ તા.૧૫ ઓગસ્ટ શનિવારના રોજ ‘‘મારું જીવન સુગંધી બને’’ વિષય પર જાહેર પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા. અનેક પ્રાચિન-અર્વાચિન દૃષ્ટાંતો સમજાવી શ્રોતાઓને જીવનને સુગંધી બનાવવા પ્રેરણા આપી હતી. ખૂબ જ સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ આ પ્રેરણાદાયી ધર્મપ્રવચન શ્રવણનો લાભ લીધો હતો.

આગામી તા.૨૩ ઓગસ્ટ રવિવારે ‘‘એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાંવ...’’ યાને ‘‘જબાન પર લગામ’’ વિષય પર જાહેર પ્રવચનનું આયોજન થયેલ છે.



# શ્રી વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થીઓએ વલસાડ જિલ્લા કક્ષાએ ડાન્સ અને વક્તૃત્વ સ્પર્ધામાં ડંકો વગાડ્યો

**નાનાપોંઢા અને વાપી ખાતે યોજાયેલી સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ તથા દ્વિતીય સ્થાન મેળવી ઈતિહાસ રચ્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

શ્રી વિદ્યાનિકેતન શાળા (SVN) ના તેજસ્વી વિદ્યાર્થીઓએ વલસાડ જિલ્લા કક્ષાની વિવિધ આંતર-શાળા સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા અને સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે.

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં નાનાપોંઢા ખાતેના હેલીપેડ ગ્રાઉન્ડ પર યોજાયેલી આંતર-શાળા ડાન્સ કોમ્પિટિશનમાં કુલ ૯ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રી વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થીઓએ પૂરગ્રસ્ત લોકોની પરિસ્થિતિ અને તેમની સંવેદનાઓને નૃત્યના માધ્યમથી મંચ પર આબેહૂબ રજૂ કરી હતી. આ હૃદયસ્પર્શી અને સુંદર પર્ફોમન્સ બદલ શાળાએ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગૌરવ અપાવ્યું છે. આ સફળતા ડાન્સ ટીચર પ્રિતેશ પટેલ અને સોનલ પાંડેના માર્ગદર્શન હેઠળ મેળવી હતી.

આ ઉપરાંત, વાપી કન્નડા સંઘ હોલ ખાતે યોજાયેલી આંતર-શાળા ચર્ચા (ડિબેટ) સ્પર્ધામાં કુલ ૨૮ શાળાઓના ૧૨૬ સ્પર્ધકોમાંથી પસંદગી પામેલા ૫૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કડક સ્પર્ધામાં શ્રી વિદ્યાનિકેતન શાળાના ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની માન્યા શર્માએ પોતાના આત્મવિશ્વાસ, સમર્પણ અને વક્તૃત્વ શૈલીના જોરે સમગ્ર વલસાડ જિલ્લામાં દ્વિતીય સ્થાન હાંસલ કર્યું છે. વિદ્યાર્થીનીને આ સિદ્ધિ અપાવવામાં માર્ગદર્શક અનુરાગ તિવારી અને નીરજા માલુપુડાનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

શાળાના ડાયરેક્ટર/મેનેજિંગ ટ્રસ્ટી ડો.મિતલ ધાખડાના સફળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ શાળાએ આ ઉજ્જવળ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. શાળા પરિવાર, શિક્ષકો અને વાલીઓએ વિજેતા વિદ્યાર્થીઓ તથા તેમના માર્ગદર્શક શિક્ષકોને આ ઐતિહાસિક સફળતા બદલ અભિનંદન અને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

# ઉમરગામ ઝરોલી મિશન ગ્રાઉન્ડ રમત, રાષ્ટ્રપ્રેમ અને માનવતાના ત્રિવેણી સંગમનુ બનેલુ સાક્ષી : પૂરની પરિસ્થિતિમાં તારણહાર બનેલા ૫૦ માનવતા વીરોનું કરેલું સન્માન

**ફાધર વિલિયમ્સ, રાજકીય આગેવાન અશોકભાઈ ધોડી, સમાજસેવી અને યુવા નેતા એડવોકેટ મિતેશભાઈ પટેલના સંયુક્ત પ્રાયોજનથી આયોજિત પ્રચલિત અને પરંપરાગત આદિવાસી ફૂટબોલ ટુર્નામેન્ટમાં ZFC પથ્થર ફળિયાની ટીમ ચેમ્પિયન**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૬**

ઉમરગામ તાલુકા સમસ્ત આદિવાસી સમાજ દ્વારા ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે યુવાનોમાં રમતગમતની ભાવના ખીલે, યોગ્ય મંચ મળી રહે અને સમાજમાં એકતા તથા ભાઈચારો મજબૂત થાય તેવા ઉદ્દેશ્ય સાથે ‘આદિવાસી ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬’નું ઝરોલી મિશન ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૪૦ વર્ષથી ચાલતી આ ઐતિહાસિક પરંપરાને જાળવી રાખતા યોજાયેલી આ ટુર્નામેન્ટમાં ઉમરગામ અને આસપાસના વિસ્તારોની એકંદર ૨૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની શરૂઆત રાષ્ટ્રગીતની ધૂન અને ઝરોલી મિશન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રા સાથે થઈ હતી. ત્યારબાદ ટુર્નામેન્ટનું સત્તાવાર ઉદ્ઘાટન ઝરોલી મિશન સંસ્થાના સંચાલક ફાધર વિલિયમ્સ, રાજકીય આગેવાન અશોકભાઈ ધોડી અને યુવા શક્તિ સંગઠનના પ્રમુખ તેમજ સામાજિક આગેવાન એડવોકેટ મિતેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્રણેય આગેવાનોના સંકલિત પ્રયાસોથી રમતના મેદાન પર સામાજિક નેતૃત્વ અને યુવા શક્તિનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

આ આયોજનની મુખ્ય વિશેષતા એ રહી કે તેમાં કોઈ પણ રાજકીય પક્ષીય ભેદભાવ કે જાતિવાદને સ્થાન આપવામાં આવ્યું નહોતું. વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોએ એકતા અને સંગઠનની શક્તિનો સંદેશ આપ્યો હતો. ઉદ્ઘાટન પ્રસંગે ફાધર જોન, સામાજિક આગેવાનત ગુડુભાઈ શેખ, ડો.અનિલ પટેલ, યુવા નેતાશ્રી દીપકભાઈ ચોપડિયા, એડવોકેટ દીપકભાઈ કુરાડા, નિવૃત્ત શિક્ષક જોગીભાઈ તથા વિવિધ ગામોના સરપંચ અને જન પ્રતિનિધિઓ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષની ટુર્નામેન્ટ માત્ર રમત પૂરતી સીમિત ન રહેતા માનવતાનું ઉદાહરણ બની હતી. તાજેતરમાં આવેલી પૂર જેવી કુદરતી આફત દરમિયાન પોતાની જાનના જોખમે લોકોને રેસ્ક્યૂ કરનાર અને રાહત કાર્યોમાં મદદરૂપ બનનાર ૫૦થી વધુ ‘માનવતા વીર’નું મોમેન્ટો આપીને વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટના અંતે સફળ થયેલી ટીમોને ટ્રોફી તથા રોકડ પુરસ્કારથી નવાજવામાં આવી હતી જેમાં ચેમ્પિયન બનેલી ZFC પથ્થર ફળિયાની ટીમને ક્રાંતિકારી બિરસા મુંડા ટ્રોફી અને ₹૩૫,૫૫૫ રોકડ ઈનામ દાતાશ્રી અશોકભાઈ ધોડી, મમકવાડના હસ્તે એનાયત કરવામાં આવી હતી. જ્યારે ઉપવિજેતા બનેલી કચીગામ સ્ટાર ટીમને શહીદ ભગતસિંહ ટ્રોફી અને ₹૨૫,૫૫૫ રોકડ ઈનામ દાતાશ્રી એડવોકેટ મિતેશભાઈ પટેલ પ્રમુખ-યુવા શક્તિ સંગઠનના હસ્તે આપવામાં આવી હતી. તેવી જ રીતે ત્રીજા સ્થાને રહેલી કચીગામ રાઈઝિંગ સ્ટાર રેવ ટીમને ફાધર જ્યોર્જ છગન ટ્રોફી અને ₹૧૫,૫૫૫ રોકડ ઈનામ દાતાશ્રી ગુડુભાઈ શેખ, ધનોલી તરફથી આપવામાં આવી હતી જ્યારે બેસ્ટ ગોલકીપર તરીકે લાલુભાઈ (ZFC પથ્થર ફળિયા). અને બેસ્ટ પ્લેયર તરીકે મયુરભાઈ પટેલની પસંદગી કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટમાં પ્રોત્સાહન આપવા માટે ઉપસ્થિત રહેલા અગ્રણી અને વડીલોએ યુવાનોને વ્યસનમુક્તિ સાથે શિક્ષિત અને સંગઠિત બનવા અપીલ કરી હતી અને રમતગમત પ્રત્યેક રુચિ જાળવી રાખવા જણાવ્યું હતું. આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં નંદીગામના કાંતિભાઈ અને શૈલેષભાઈની ટીમ, ભોજન વ્યવસ્થાના સુનિલભાઈ, વિજયભાઈ અને રામુભાઈની ટીમ તેમજ એન્કરિંગ-કોમેન્ટ્રીમાં સંદીપભાઈ પટેલ (હરમોસજીપાડા) અને રેફરીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

# પારડીમાં મુસ્લિમ સમાજ દ્વારા ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૬**

સમગ્ર ભારત દેશ ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે કોમી એખલાસતાના ઉદાહરણ બનેલ કિલ્લા પારડી ખાતે વલસાડી ઝાંપા સ્થિત ડો.એપીજે અબ્દુલ કલામ ચોક, ગૌરવ પથ ખાતે પારડી મુસ્લિમ સમાજ દ્વારા પારડી નગરપાલિકાના મહિલા ઉપપ્રમુખ એવા માજી શિક્ષક શ્રીમતી ફાલ્ગુનીબેન ભટ્ટના હસ્તે ધ્વજવંદન કરાવી કોમી એખલાસતાના દર્શન સાથે સાથે મહિલાઓ હવે બુરખામાં નહીં પરંતુ હાલના સંજોગોમાં પુરૂષાને સમવોડી બની એમની સાથે ખભે ખભા મિલાવી ચાલી રહી હોવાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

આજના આ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને શિક્ષક એવા શ્રીમતી ફાલ્ગુનીબેન ભટ્ટે આજના આ પ્રસંગે મુસ્લિમ સમાજના યુવાનોને શિક્ષણનું મહત્વ સમજાવી શિક્ષણ ક્ષેત્રે આગળ આવવાનું સૂચત કર્યુ હતું. આ ઉપરાંત મૌલાનાજીએ પણ હિન્દુ મુસ્લિમ છોડી હિન્દુસ્તાન દેશ ખૂબ મહાન હોવાનું જણાવ્યું હતું.

આજના આ ૮૦માં સ્વતંત્રતા દિવસ નિમત્તે ખૂબ જ મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહી કોમી એખલાસતાના દર્શન કરાવી દેશભક્તિ અને દેશ જ સર્વોત્તમ હોવાના દર્શન કરાવ્યા હતા.

આજના આ ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે પારડી નગરપાલિકા કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, શ્રી કલ્પેશ પરમાર, શ્રી બીપીન પટેલ, હાજી અબ્દુલ મજીદ ગોરી ડોક્ટર એમ. એમ. કુરેશી, હાજી ઈકબાલભાઈ કુરેશી, બસીરભાઈ મલેક, અહેમદ શેખ, હાજી અબ્દુલ ક્યુર ગોરી, ફિરોજ પઠાણ, અખ્તર ગોરી, ઈલ્યાસ કુરેશી, અલી અન્સારી, અખ્તર શેખ, અનવર મનીયાર, ઈબ્રાહીમ મણિયાર, રઉફ શેખ, શહીદ હુસેન શેખ, જિલાની ગોરી, અમજદ ખાન, પઠાણ સગીરભાઈ શેખ સહિત પારડી શહેરના અનેક હિંદુ-મુસ્લિમ બિરાદરો આજના આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલમાં ઉજવાયો ૮૦મો સ્વતંત્રતા દિવસ












**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપી સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે ૮૦મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન કંચન બી. યાદવ, શાળાના મેનેજર હરિલાલ બુધીરામ યાદવ, શાળાના આચાર્ય હરિલાલ પાલ અને તમામ શિક્ષકો હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન દ્વારા ધ્વજવંદન સમારોહ યોજાયો હતો, જ્યાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રગીત સાથે ધ્વજને સલામી આપી હતી. વિદ્યાર્થીઓએ ભાષણો અને દેશભક્તિના કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધતા મુખ્ય મહેમાન કંચન બી. યાદવે આપણા દેશના યુવાનોને દેશભક્તિ જાળવી રાખવા અને રાષ્ટ્રના શૌર્ય અને સન્માનને જાળવી રાખવા પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના અધ્યક્ષ હરિલાલ બુધીરામ યાદવે તેમને રમતગમત અને શિક્ષણમાં વૈશ્વિક સ્તરે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધતા આચાર્ય હરિલાલ પાલે જણાવ્યું હતું કે, આજના યુવાનો આપણા દેશનું ભવિષ્ય છે અને તેમને રાષ્ટ્ર પ્રત્યે ફરજ અને વફાદારીની ભાવના સાથે જીવનમાં હંમેશા આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. અને દેશ પ્રત્યે હંમેશા પ્રેમ અને સદ્ભાવના જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો.

શ્રી સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ દમણ દ્વારા

# વાત્સલ્ય સ્કૂલ મોટી દમણ ખાતે ‘બ્રહ્મ તેજ એક્સેલન્સ એવોર્ડ્સ-૨૦૨૬’નું ભવ્ય આયોજન કરાયું

**સમાજની નવી પેઢીની પ્રતિભાને ઓળખવી, તેને પ્રોત્સાહિત કરવી અને અન્ય બાળકો માટે પ્રેરણારૂપ બનાવવી એ આ એવોર્ડનો મુખ્ય હેતુ: સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ દમણના પ્રમુખ જયેશ જોષી**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૧૬**

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તથા વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર યુવાનોને પ્રોત્સાહન અને સન્માન આપવા માટે શ્રી સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ દમણ દ્વારા વાત્સલ્ય સ્કૂલ, મોટી દમણ ખાતે ‘બ્રહ્મ તેજ એક્સેલન્સ એવોર્ડ્સ-૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં કુલ ૫૨(બાવન) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિઓ માટે ત્રણ શ્રેણીઓમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. નર્સરીથી ધોરણ ૫, ધોરણ ૬થી ધોરણ ૧૨ તથા ગ્રેજ્યુએશન અને તેનાથી ઉપરના અભ્યાસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ૯ વિદ્યાર્થીઓને ‘બ્રહ્મ તેજ એક્સેલન્સ એવોર્ડ’થી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓએ અભ્યાસ ઉપરાંત રમતગમત, કલા, સંગીત, નૃત્ય અને સાહિત્ય જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

પ્રારંભમાં કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને અતિથિઓના સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદશ્રી સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ દમણના પ્રમુખ શ્રી જયેશ જોષી દ્વારા પ્રેરણાદાયી સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે સમાજની નવી પેઢીની પ્રતિભાને ઓળખવી, તેને પ્રોત્સાહિત કરવી અને અન્ય બાળકો માટે પ્રેરણારૂપ બનાવવી એ આ એવોર્ડનો મુખ્ય હેતુ છે.

કાર્યક્રમમાં પ્રેરણાત્મક વક્તા શ્રી સંજય સોનલકર વિદ્યાર્થીઓને જીવનમાં સતત શ્રેષ્ઠતા તરફ આગળ વધવા, પોતાની પ્રતિભાને ઓળખવા અને મહેનત તથા શિસ્ત દ્વારા પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. તેમણે વાલીઓને પણ અપીલ કરી કે દરેક બાળક વિશિષ્ઠ છે માટે તમારા બાળકની તુલના બીજાં કોઈ બાળકો સાથે કદી ન કરશો.

કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન શ્રી ઉમંગ વ્યાસ એન્ડ સુ. શ્રી. દિશા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના સુવ્યવસ્થિત સંચાલનથી સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહ અને શિસ્ત જળવાઈ રહ્યાં હતાં.

કાર્યક્રમના અંતે સમાજનાં ઉપ પ્રમુખ ડૉ. શોભા જોષી દ્વારા અભરવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનાં આયોજનમાં વાત્સલ્ય સ્કૂલના સંચાલક તથા સમાજનાં ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અપૂર્વ પાઠક અને વાત્સલ્ય સ્કૂલનાં ડિરેક્ટર શ્રીમતી નિમિષા પાઠકનો વિશેષ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમ સાથે જોડાયેલા તમામ દાતાશ્રીઓ, સહયોગીઓ, વાલીઓ અને સમાજનાં દરેક સભ્યોનો પણ સમાજ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો. શ્રી સમસ્ત ગુજરાતી બ્રાહ્મણ સમાજ-દમણના પ્રમુખ શ્રી જયેશ જોષી, સચિવ શ્રી કમલેશ મેઢા, કાર્યક્રમના વડા શ્રીમતી નિમિષા પાઠક તથા સમગ્ર આયોજન ટીમનો કાર્યક્રમને સફળ બનાવવા માટે જે સહયોગ પ્રાપ્ત થયો એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

‘બ્રહ્મ તેજ એક્સેલન્સ એવોર્ડ્સ-૨૦૨૬’ દ્વારા સમાજે એ સંદેશ આપ્યો છે કે પ્રતિભા કોઈ એક ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી અને દરેક બાળકમાં રહેલી વિશિષ્ટ ક્ષમતાને ઓળખીને તેને યોગ્ય પ્રોત્સાહન આપવું સમાજની સામૂહિક જવાબદારી છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાના માર્ગદર્શમાં

# દમણ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સ્વતંત્રતા દિવસની કરાયેલી ઉજવણી

**દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલે ફરકાવેલો તિરંગો**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૧૬**

ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસના શુભ અવસર પર, દમણ જિલ્લા ભાજપ દ્વારા, દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાના માર્ગદર્શન હેઠળ, પ્રદેશ ભાજપ કાર્યાલયના પરિસરમાં ધ્વજવંદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. આ પ્રસંગે દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી બી.એમ. માછી, પ્રદેશ ભાજપ મીડિયા સંયોજક શ્રી માજિદ લધાણી, પ્રદેશ મંત્રી શ્રીમતી ઉર્વશીબેન પટેલ, મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી અસ્પી દમણિયા, શ્રીમતી સિમ્પલબેન કાટેલા, શ્રી કમલેશ સીતારામ, જિલ્લા પંચાયત સભ્યો, ગ્રામ પંચાયતોના સરપંચો અને દમણ જિલ્લા ભાજપના અધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કાર્યકરોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને વિકાસ માટે સમર્પિત થઈને કાર્ય કરવા હાકલ કરી હતી.

કાર્યક્રમના અંતે, પૂર્વ મ્યુનિસિપલ ચેરમેન શ્રી અસ્પીભાઈ દમણિયાને પારસી સમુદાયના નવા વર્ષ, નવરોઝના શુભ અવસર પર હાર્દિક શુભેચ્છાઓ અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# પારડી નગરપાલિકા ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ

**પાલિકા પ્રમુખ ચેતનભાઇ દ્વારા નગરના વિકાસના કામોની માહિતી, વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મચારીઓને પારિતોષિક, સાંસ્કૃતિક, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો યોજાયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૧૬**

૮૦માં સ્વતંત્રતા દિવસની પારડી નગરપાલિકા દ્વારા ખૂબ જ ધામધૂમ તથા રંગે ચંગે વરસાદી માહોલની વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી.

સૌપ્રથમ નગરપાલિકા પટાંગણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકાએ ધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યા બાદ નગરજનોને પારડી નગરમાં થઈ રહેલા વિકાસના કામોમાં તળાવમાં નિર્માણ થઈ રહેલ યોગ સેન્ટર તથા હોલ અને શહેરના રસ્તા પાણી વીજળી જેવા અન્ય વિકાસના કામો અંગે નગરજનોને માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ ખૂબ જ વરસાદી માહોલ હોવા છતાં પારડીની વિવિધ શાળાઓના નાના નાના ભૂંલકાઓ (વિદ્યાર્થીઓ) દ્વારા દેશભક્તિના વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત નગરજનોના મન મોહી દીધા હતા. ત્યારબાદ નગરપાલિકાના સદસ્યોના હસ્તે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પારડી પાલિકાના કર્મચારીઓને પારિતોષિક આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા પાલિકાની સામે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. આમ વિવિધ કાર્યક્રમો દ્વારા આજના આ ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણી ખૂબ જ ધામધૂમ તથા રંગેચંગે કરવામાં આવી હતી.

આજના આ સ્વતંત્રતા દિવસ નિમિત્તે પારડી પાલિકાના પ્રમુખ શ્રી ચેતનભાઇ નાયકા, ઉપપ્રમુખ શ્રીમતી ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, ટીપી ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, વોટરપાર્ક ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, વીજળી સમિતિ ચેરમેન શ્રીમતી ઉષાબેન યોગેશભાઈ પટેલ સહિત પાલિકાના સદસ્યો ભૂમિબેન પારેખ, શ્રીમતી મેઘાબેન ભાવસાર, શ્રીમતી પ્રિયંકાબેન પટેલ, શ્રીમતી અનિતાબેન રાય, શ્રીમતી જાગૃતિબેન શાહ, શ્રીમતી રંજનાબેન અજયભાઈ પટેલ, શ્રીમતી મયુરીબેન પટેલ, શ્રી જીગ્નેશભાઈ માંગેલા, શ્રી યતીનભાઈ પ્રજાપતિ, શ્રી લાલજીભાઈ યાદવ, શ્રી જીગ્નેશભાઈ આહીર, શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી નાસીરભાઈ શેખ, શ્રીમતી વનીતાબેન હળપતિ, શ્રીમતી કૃતિકાબેન ભંડારી સહિત પારડી નગરપાલિકાના કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, પારડી નગરના પ્રબુધ્ધ નાગરિકો નગરજનો મોટી સંખ્યામાં પધારી આજના આ ૮૦માં સ્વતંત્રતા દિવસમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચીખલી તાલુકાના અંબાચ ગામે પારિવારિક ઝઘડામાં પિતાએ ૨૫ વર્ષીય યુવાન પુત્રની હત્યા કરતા પરિવાર નોંધારો બન્યો



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૧૬**

ચીખલી તાલુકાના અંબાચ ગામે પારિવારિક ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કરતાં પિતાએ પોતાના જ યુવાન પુત્રને ચપ્પુના ઘા મારી હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે. પુત્રને બચાવવાં વચ્ચે પડેલા દાદા અને માતાને પણ ચપ્પૂ લાગતાં બન્નેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ચીખલી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી પિતાની ધરપકડ કરી હત્યામાં વપરાયેલ ચપ્પુનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલી તાલુકાના અંબાચ ગામે રહેતો નિલેશ ધોડિયા પટેલ ચિકન સેન્ટરની દુકાન ચલાવતો આવ્યો છે. શુક્રવારની રાત્રિના સમયે નિલેશે પોતાની પત્ની ભારતીબેનને ફોન કરી ચિકનની દુકાને આવવા માટે જણાવતા પત્નીએ પૌત્ર સાથે સૂતેલો હોવાનું જણાવી દુકાને આવવાની ના પાડતાં ઉશ્કેરાઈયેલા નિલેશ ઘરે પહોંચી ‘‘તું આ લોકોના છોકરાને કેમ રાખે છે તું એ લોકોને આપી દે’’ તેમ જણાવી પત્ની સાથે બોલાચાલી કરી ગાળા ગાળી કરી ઝઘડો કર્યો હતો.

આ દરમિયાન માતા-પિતા વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં પુત્ર સૂરજ ઘરે આવી ઝગડો કરવાની ના પાડતા આરોપી નિલેશ ઉશ્કેરાઈ જઇ સૂરજને ગળામાં પકડી લઈ હાથમાં રહેલા ચપ્પુ વડે સૂરજના છાતીના ભાગે મારતા ગંભીર ઈજા થતાં સૂરજ ઘટના સ્થળે જ ઢળી પડતા જેનું મોત નીપજ્યું હતું. જ્યારે સૂરજને બચાવવા જતા દાદા ચીમનભાઈ પટેલને શરીરે તેમજ માતા ભારતીબેનને પેટના ભાગે તથા બન્ને હાથમાં ચપ્પુના ઘા મારી આરોપી સ્થળ ઉપરથી ભાગી છૂટ્યો હતો. જોકે રાત્રિના સમયે લોહિયાળ જંગમાં આજુબાજુના લોકોએ ઈજાગ્રસ્ત પત્ની અને ચીમનભાઈને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે ભારતીબેન નિલેશભાઇ ધોડિયા પટેલ (ઉ.વ.૪૫) (રહે.અંબાચ ઓરવાડ ફળીયા તા.ચીખલી જી.નવસારી) ની ફરિયાદ મુજબ હત્યાનો ગુનો નોંધી આરોપી નિલેશ ચીમનભાઇ ધોડિયા પટેલ (ઉ.વ.૪૮) (રહે.અંબાચ ગામ ઓરવાડ ફળીયા તા.ચીખલી જી.નવસારી)ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી હત્યામાં ઉપયોગમાં લેવાયેલ ચપ્પુ કબજે કરી વધુ તપાસ પીઆઇ પી.બી.પટેલીયાએ હાથ ધરી હતી.

# વાપી અંબામાતા મંદિરથી તિરંગા સાથે કાવડયાત્રા નિકળી: ધાર્મિક તહેવારોની ઉજવણીમાં દેશભક્તિનો મહિમા જોવા મળ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૬**



વાપીમાં રહેતા ઉત્તર ભારતીયો તેમના પરંપરાગત તહેવારો કાયમ ઉજવતા રહ્યા છે. જેમાં શ્રાવણ મહિનામાં ઉત્તર ભારતના વિવિધ વિસ્તારમાં ભવ્ય આસ્થાપૂર્વક સેંકડોની સંખ્યામાં કાવડયાત્રાઓ નિકળે છે. એ પરંપરા વાપીમાં વસતા ઉત્તર ભારતીયો પ્રત્યેક વર્ષે જાળવી રાખે છે. વર્તમાન શ્રાવણમાસમાં જી.આઈ.ડી.સી. અંબામાતા મંદિરથી ભવ્ય કાવડયાત્રા યોજાઈ હતી. આ વર્ષની કાવડયાત્રાની ઉજવણીમાં દેશભક્તિનો મહિમા જોવા મળ્યો હત. મહિલાઓ હાથમાં તિરંગા સાથે જોડાયેલી જોવા મળી હતી.

વાપીમાં ઉત્તર ભારતીયો દ્વારા શ્રાવણ મહિનામાં કાવડયાત્રાઓ પ્રત્યેક વર્ષે નિકળે છે. આ શ્રાવણ મહિનોમાં છીરી, રામનગરમાં વસતા ઉત્તર ભારતીયો દ્વારા વાપી અંબામાતા મંદિરેથી શ્રદ્ધા અને આસ્થા સાથે કાવડ યાત્રા નિકળી હતી.

કાવડયાત્રામાં બહેનોના હાથમાં તિરંગા હોવાથી તિરંગાયાત્રા જેવો નઝારો જોવા મળ્યો હતો. કાવડયાત્રામાં નાના બાળકો બાળકીઓ જુદા જુદા દેવી દેવતાના કોસ્ચ્યુમથી સજ્જ બની તે જોડાયા હતા. કાવડયાત્રા વાપીથી પગપાળા ચાલીને સંજાણ મહાદેવ મંદિર પહોંચશે. જ્યાં નદીમાં જળાભિષેક કરીને યાત્રા પુરી કરવામાં આવે છે. વાપીમાં બે ત્રણ જગ્યાએથી કાવડયાત્રા નિકળે છે. જેમાં શાકભાજી માર્કેટ વેપારીઓની સૌથી મોટી કાવડયાત્રા નિકળે છે.

# વાપી કરવડમાં રાત્રે ગ્રાઈન્ડર એપથી બોલાવી ત્રણ આરોપીએ ચપ્પુની અણીએ ૧૪ હજારની લૂંટ ચલાવી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૬:** વાપી નજીક કરવડ ગામે ગ્રાઈન્ડર એપથી એક યુવકને રાત્રે બોલાવીને ધાક ધમકી આપી ચપ્પુની અણીએ ત્રણ આરોપીએ ૧૪ હજાર રોકડાની લૂંટ ચલાવી હતી. ફરિયાદ બાદ ડુંગરા પોલીસે ત્રણેય આરોપીઓની ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલ ભેગા કર્યા હતા.

વાપી કરવડમાં ભારત પેટ્રોલ પમ્પથી થોડે દૂર અંધારી જગ્યામાં ડેટીંગ એપ ગ્રાઈન્ડરથી એક યુવાનને બોલાવાયો હતો. એપની સંપર્કમાં આવેલ યુવાન કરવડ ગયો હતો. જ્યાં અંધારી જગ્યાએ ત્રણ યુવાનોને ધાક ધમકી આપી ચપ્પુની અણીએ ૧૪ હજાર રોકડા લૂંટી લીધા હતા. અગાઉ યાવન સાથે મારામારી પણ કરી હતી. લૂંટની ઘટના બાદ ભોગ બનનાર યુવાને ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ વાદ ડુંગરા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી શાહબાઝ અબ્દુલા ઝહીર સમી ઉલ્લાહ ખાન અને જવાહર યાદવ ત્રણે રહે સાંઈ શ્રધ્ધા, સાંઈ આસ્થા સોસાયટી કરવડને પોલીસે ઝડપી પાડી જેલ ભેગા કરી લૂંટના ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો.

**CHANGE OF NAME**

**OLD NAME:** URVI PRAGNESH RANA/ URVI PRAGNESHBHAI RANA
**NEW NAME: URVI RANA**
**ADDRESS:** 1546/1 JALARAM KRUPA, 26 VRUNDAVAN SOC. OPP CIVIL HOS, SILVASSA, DADRA NAGAR HAVELI, 396230

**CHANGE OF NAME**

**OLD NAME:** ARJUN RAWAL
**NEW NAME: ARJUN MOHANSINGH RAWAL**
**ADDRESS:** E2/702, TIRUPATI RESIDENCY, NR. BALAJI TEMPLE, AMLI, SILVASSA DNH DD - 396230

**CHANGE OF NAME**

**OLD NAME:** KSHATRI ASHABAHEN MADHAVBHAI
**NEW NAME:** ASHABEN ARJUN RAWAL
**ADDRESS:** E2/702, TIRUPATI RESIDENCY, NR. BALAJI TEMPLE, AMLI, SILVASSA DNH DD - 396230

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# દમણના કેવડી ફળિયા ખાતેથી ૯ જુગારીઓની ધરપકડઃ રૂા.૧.૫૬ લાખ સહિત ૯ મોબાઈલ જપ્ત



**દમણ પોલીસે જુગાર સહિતની અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું ધ્યાન ઉપર આવે તો ૧૧૨ નંબર ઉપર ફોન કરી માહિતી આપવા કરેલી અપીલઃ માહિતી આપનારનું નામ અને ઓળખ ગુપ્ત રહેશે**

**દમણ પોલીસની સામાન્ય જનતાને અપીલ**

દમણ જિલ્લામાં આજુબાજુ કોઈપણ જગ્યાએ જુગારની પ્રવૃત્તિ ચાલતી હોવાની ખબર પડે તો ૧૧૨ નંબર ઉપર ફોન કરવા માટે દમણ પોલીસે અપીલ કરી છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. દમણ પોલીસ નાગરિકોનું રક્ષણ કરવા અને ગુના અને ગુનેગારો સામે ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે તેની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતી હોવાનો દાવો કરાયો છે.

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૬**

શ્રાવણ માસની શરૂઆતની સાથે જ દમણમાં શરૂ થતા જુગારધામો સામે આ વખતે પોલીસતંત્રએ માંડેલી ચાંપતી નજરના કારણે ૧૫મી ઓગસ્ટના રોજ દાભેલના કેવડી ફળિયા ખાતે એક બિલ્ડીંગની રૂમમાંથી ૯ જુગારિયા અને રૂા.૧ લાખ ૫૬ હજાર કરતા વધુની રોકડ રકમ જપ્ત કરવા કચીગામ પોલીસને સફળતા મળી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણ-કચીગામ પોલીસ સ્ટેશનને કેવડી ફળિયા ખાતે જીનલભાઈની બિલ્ડીંગમાં રૂમ નં.૭માં જુગારની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની મળેલી ગુપ્ત સુચના મુજબ દરોડો પાડતાં ૯ આરોપીઓની ધરપકડ અને બે પત્તાની કેટ અને રૂા. ૧ લાખ ૫૬ હજાર ૭૦ જપ્ત કરવા સફળતા મળી છે. પોલીસે ૯ મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે.

આ ધરપકડ કરાયેલા જુગારીઓ (૧)આકાશ ધર્મેન્દ્રસિંહ રાજપુત (રહે.ફલેટ નં.૨૦૪, બી.એમ.કોમ્પ્લેક્ષ, અશોકભાઈ ચાલની બાજુમાં કોળીવાડ, કચીગામ-દમણ, મૂળ નિવાસી બતિયાગઢ મધ્યપ્રદેશ) (૨)ભાવિન રાજેશભાઈ પટેલ (ઉ.વ.૩૦ રહે. ઘર નં.૧૯૯, આંગણવાડી, કેવડી ફળિયા દાભેલ- દમણ) (૩)પંકજ કમલાપ્રસાદ જયસ્વાલ(ઉ.વ.૩૭, રહે. રૂમ નં.૦૨, રમણભાઈની ચાલ, કેવડી ફળિયા-દમણ, મૂળ રહે. જિલ્લો સિધ્ધિ મધ્યપ્રદેશ (૪)અમિતકુમાર અવધેશ રાય (ઉ.વ.૩૬, રહે. ફલેટ નં.૨૦૧, શાંતિનિકેતન બિલ્ડીંગ, કેવડી ફળિયા દાભેલ-દમણ, મૂળ નિવાસી ભોજપુર બિહાર (૫)સુશીલકુમાર કુના બેહરા (ઉ.વ.૩૩ રહે. રૂમ નં.૦૪, જીનલભાઈ ચાલ, કેવડી ફળિયા દાભેલ, મૂળ નિવાસી જગદીશનપુર, ઓરિસ્સા (૬)સુનિલકુમાર ચિંતન યાદવ (ઉ.વ.૩૧, રહે. રૂમ. નં.૧૨ ભગુભાઈ ચાલ, કચીગામ પાવર હાઉસની પાછળ કચીગામ-દમણ, મૂળ રહે. બલરામપુર-યુ.પી.) (૭)જીતેન્દ્રકુમાર રાજેન્દ્ર દહિયાત (રહે.રૂમ નં.૭, જીનલભાઈ ચાલ, કેવડી ફળિયા, દમણ, મૂળ રહે. સતના મધ્યપ્રદેશ) (૮)રાજન અલી મોતી (ઉ.વ.૨૬, રહે. રૂમ નં.૪૨, ભૂપેશભાઈ ચાલ, સોમનાથ દમણ, મૂળ નિવાસ-જિલ્લા ભદોઈ, યુ.પી.) અને (૯)ચેતન પ્રવિણ પટેલ (ઉ.વ.૪૧, રહે.ઘર નં.૨૦૩, કેવડી ફળિયા, દાભેલ-દમણનો સમાવેશ થાય છે. જેમની સામે ગોવા-દમણ અને દીવ પબ્લિક ગેમ્લીંગ એક્ટ ૧૯૭૬ની કલમ ૩, ૪ અને ૭ તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની ૧૧૨ કલમ અંતર્ગત કચીગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# સેલવાસ દમણગંગા નદી કિનારે ચેકડેમ નજીક સેલ્ફી લેવા જતા યુવતી નદીમાં તણાઈ

**દમણગંગા રિવરફ્રન્ટ પર મસાટ ગામનો પરિવાર ફરવા ગયો હતો ત્યારે ૧૫ વર્ષીય કાજલકુમારી સેલ્ફી લેવા જતા પગ લપસતા નદીમાં તણાઈ હતીઃ રવિવારે લાશ્કરોએ તેનો મૃતદેહ બહાર કાઢ્યો**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

સેલવાસ દમણગંગા નદી કિનારે શનિવારના રોજ બપોરે મસાટ ગામની યુવતી એની માતા અને મામાના પરિવાર સાથે નક્ષત્રવન ગાર્ડનમાં ફરવા આવ્યા હતા. ત્યારબાદ માતા અને બાળકો ચેકડેમ નજીક નદી કિનારે ગયા હતા.અને નાના નાના બાળકો નદીના વચ્ચેના પથ્થર પર જઈને મોબાઈલ વડે ફોટો અને વિડીયો ઉતારી રહ્યા હતા. બાદમાં કાજલ કુમારી જીતેન્દ્ર રામ (ઉ.વ.૧૫) હાલ રહેવાસી મસાટ અને મુળ રહેવાસી બિહાર જે એના નાના ભાઈ સાથે નદીના વચ્ચે પથ્થર પર ઊભી રહી મોબાઇલ વડે સેલ્ફી લેવાનો પ્રયાસ કરતી હતી. તે વખતે પગ લપસી જતા ધસમસતા પાણીમાં તણાઈ ગઈ હતી.જે જોતા એના ભાઈએ બચાવવાનો પ્રયાસ કરેલ પરંતુ યુવતી હાથમાં નહીં આવતા ધસમસતા પાણીમા તણાઈ ગઈ હતી. આ જોતા યુવતીના માતા અને પરિવારના સભ્યો આક્રંદ કરવા લાગ્યા હતા. આ ઘટના જોતા ત્યા ઉભેલા લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને ફોન કરતા ફાયરની ટીમ ગોતાખોર સાથે પહોંચી હતી અને યુવતીની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ મોડી સાંજ સુધી યુવતી મળી આવેલ નહિ.

બીજા દિવસે સવારે ફરી ફાયર વિભાગની ટીમ અને ગોતાખોર દ્વારા શોધખોળ શરૂ કરેલ ત્યારે જોવા મળેલ કે ચેકડેમથી પાંચસો મીટરના અંતરે પથ્થર આવી જતા ત્યાં અટકી ગઈ હતી. જેને ફાયરની ટીમે ભારે જહેમત બાદ બહાર કાઢી હતી. ત્યારબાદ સેલવાસ પોલીસ દ્વારા યુવતીની લાશનો કબજો લઇ પીએમ માટે મોકલી આપી હતી અને ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દાદરા નગર હવેલી પ્રશાસન દ્વારા ચોમાસા દરમિયાન નદીના કિનારા પર જવા પર પ્રતિબંધ અંગે જાહેરનામું બહાર પાડ્યું હતું. છતાં પણ પ્રદેશના લોકો નિયમોનો ઉલ્લંઘન કરી નક્ષત્ર વન નજીકની દીવાલને કુદી નદી કિનારે પહોંચી જાય છે અને જીવના જોખમે સેલ્ફી લેવાનો અને રીલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે અને જીવનું જોખમ વ્હોરી લે છે. જેના કારણે આવી ઘટનાઓ બને છે.

# કોંગ્રેસે વંદેમાતરમ્ ગીતનું કરેલું અપમાનઃ સંઘપ્રદેશ ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ પાર્ટી દ્વારા રાષ્ટ્રગીત વંદેમાતરમ્‌ના કથિત અપમાનની ઘટનાનો વિરોધ કરવામાં આવ્યો હતો. જ્યારે આખો દેશ ૧૫મી ઓગસ્ટના પાવન અવસર પર સ્વતંત્રતા સંગ્રામના અમર બલિદાનને નમન કરી રહ્યા હતા.તે સમયે કોંગ્રેસ પાર્ટી દ્વારા રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ના કથિત અપમાનની ઘટના સામે આવેલ, રાષ્ટ્રના સ્વાભિમાન અને આપણા રાષ્ટ્રીય ગૌરવના પ્રતિકોના પ્રત્યે આ પ્રકારનો વ્યવહાર અત્યંત નિંદનીય છે.

આ કૃત્યના વિરોધમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપા પ્રદેશ યુવા મોરચા દ્વારા પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયાના માર્ગદર્શનમાં અને યુવા મોરચા પ્રમુખ ડૉ.અવધેશસિંહ ચૌહાણના નેતૃત્વમાં કિલવણી નાકા સેલવાસ ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ મશાલ સળગાવી અને કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ અવસરે ભાજપા પાર્ટીના પદાધિકારીઓ સહિત કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં પ્રદેશ ભાજપ કાર્યાલય દમણ ખાતે

# પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીજીની ૮મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૬**

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન, શ્રદ્ધેય શ્રી અટલ બિહારી વાજપેયીજીની આજે ૮મી પુણ્યતિથિ નિમિત્તે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા દમણ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સ્વર્ગીય અટલજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી બી. એમ. માછી સહિત પ્રદેશના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા તથા વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ ભાજપના કાર્યકર્તા ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સ્વર્ગીય અટલજીની છબી પર પુષ્પ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. અટલજીના રાષ્ટ્રપ્રેમ, લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તેમના અદ્વિતીય રાજકીય તથા સાહિત્યિક વ્યક્તિત્વને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ તેમના અમર કાવ્યોનું પઠન કરીને કાવ્યાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી.

અટલજીનું જીવન અને તેમનું રાષ્ટ્રનિર્માણમાં યોગદાન હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા સ્રોત બની રહેશે.

# દમણની ડાભેલ શાળામાં ઉત્સાહપૂર્વક સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૬**

દમણની ડાભેલ શાળામાં ૧૫ ઓગસ્ટના પાવન અવસરે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ડાભેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડાભેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, ડાભેલ ગ્રામ પંચાયતના સભ્યગણ, શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો પર સુંદર નૃત્ય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેને ઉપસ્થિત સૌએ ઉત્સાહપૂર્વક નિહાળ્યો હતો. વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતથી કાર્યક્રમમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી તથા દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન, દેશપ્રેમ અને દેશ પ્રત્યેની પોતાની જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દેશભક્તિ અને રાષ્ટ્રીય એક્તાની ભાવના સાથે આયોજિત આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

સરપંચ આશાબેન પટેલની અધ્યક્ષતામાં

# દુણેઠા ગ્રામ પંચાયતમાં સ્વતંત્રતા દિવસની કરાયેલી ઉજવણી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૬**

ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસના પાવન અવસરે દમણ જીલ્લાની દુણેઠા ગ્રામ પંચાયતમાં ધ્વજવંદનનો કાર્યક્રમ સરપંચ શ્રીમતી આશાબેન પટેલના નેતૃત્વમાં આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દમણ દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, ભાજપના યુવા નેતા શ્રી સંજય નાનુભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ શ્રી રમેશભાઈ ભંડારી, ગ્રામ પંચાયતના બધાજ સભ્યો, સ્વતંત્ર સૈનાનીયો તેમજ પૂર્વ સૈનિકોની હાજરી રહી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ સૈનિક દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું તેમજ આ પ્રસંગે સ્વતંત્ર સેનાનીયોને અને પૂર્વ સૈનિકોને શાલ ઓઢાડીને સમ્માનિત કરવામાં આવ્યા હતા

# ધોડીપાડા ખાતે ચાલતી ભાગવતકથામાં કૃષ્ણ જન્મ ઉત્સવ રંગે ચંગે ઉજવાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૬**

સાંસ્કૃતિક ભવન ધોડીપાડા ઉરગામ ના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા આયોજિત વિશ્વ વિખ્યાત કથાકાર પ્રફુલભાઇ શુક્લની ભાગવતકથામાં આજે પ્રધાન ઉત્સવ કૃષ્ણ જન્મોત્સવની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. ચોથા દિવસનો દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા પોથીપૂજન તેમજ વ્યાસ વંદના થઇ હતી. આજે કથામાં ગજેન્દ્ર મોક્ષ, સમુદ્ર મંથન, વામન ચરિત્ર અને રામ જન્મની કથાનું પણ સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું હતું. કૃષ્ણ જન્મની કથાનું વર્ણન કરતા કથાકાર પ્રફુલભાઇ શુક્લે વ્યાસ પીઠ પરથી કહ્યું હતું કે, ‘મન વચન અને કર્મ થી શરણાગતી ઉભી થાય ત્યારે ભગવત પ્રાપ્તિ થાય છે’. કથાના કન્વીનર વિજયભાઈ પાટકર અને સરપંચ મીનાબેન પાટકર દ્વારા ભગવાન કૃષ્ણ પરમાત્માનું પારણું ઝુલાવવામાં આવ્યું હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાજનોએ ભગવાન કૃષ્ણ પરમાત્માના આગમનના વધામણા લીધા હતા. અબીલ ગુલાલની છોળો વચ્ચે ‘નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી’ના નાદ સાથે ભગવાનના કીર્તનમાં મદમસ્ત બન્યા હતા. આચાર્ય કિશન દવે અને જયાનંદ મહારાજે વેદ મંત્રોચાર કાર્યા હતા. આજે કથામાં વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી એડવોકેટ શ્રી વિનયભાઈ શુક્લ, શ્રી પપ્પુભાઈ તિવારી, શ્રી હિતેષભાઈ સુરતી, યુઆઈએના પ્રમુખ શ્રી અશોકભાઈ ગુપ્તા, એસઆઈએના પ્રમુખ શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી સતિષભાઈ પટેલ, જાંબુ બ્રહ્મ સમાજના આગેવાનો શ્રી અક્ષયભાઈ ઓઝા, શ્રી નીતિનભાઈ કારબારી, શ્રી જીતેષભાઇ નાયક, શ્રી ચંદ્રશંકર માસ્તર, શ્રી વિલાસ જોષી, શ્રી લાલાભાઈ ઉમરગામ પધાર્યા હતા જેમનું સ્વાગત આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું. વલસાડના જીમીભાઈ વૈદ્ય દ્વારા વેશભૂષા કરીને કૃષ્ણ જન્મ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આવતી કાલે કથામાં ગોવર્ધન પૂજા ઉત્સવની ઉજવણી થશે જેની તૈયારીઓ થઇ રહી છે.

# દાનહના સાયલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીનું હાર્ટએટેક આવતા મોત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાદરા નગર હવેલીના સાયલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હિતેશભાઈ કેશવભાઈ પટેલ રહેવાસી ચિભડકચ્છ જેઓ ૧૯૯૩ બેચના પોલીસ કર્મચારી છે જેઓનું ૧૩ ઓગસ્ટના રોજ રાત્રે અચાનક હાર્ટએટેક આવવાને કારણે દુઃખદ અવસાન થયેલ છે. એમના નિધનના સમાચાર મળતા જ દાનહ પોલીસ વિભાગમાં શોકની લાગણી ફેલાઈ હતી.

દિવંગત હિતેશભાઈને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે એસપી, ડીવાયએસપી સહિત પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓએ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી અને એમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

હિતેશભાઈ પટેલ પોતાની કર્તવ્યનિષ્ઠા, ઈમાનદારી અને સરળ સ્વભાવના માટે જાણીતા હતા. એમનું કસમયે મોતથી પોલીસ વિભાગના એક સમર્પિત અને કર્મઠ જવાન ખોયો છે.